નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ-સામયિક)

ફેબ્રુઆરી ૨૦૧૪

વર્ષ – ૨ અંક – ૬ સળંગ અંક – ૧૨

આ અંકનું વિશેષ : કવિશ્રી હિંમત ખાટસૂરિયાનો કાવ્યકલાપ



તંત્રી-સંપાદક

યોગેશ વૈદ્ય

પરામર્શક

જનક દવે   સાહિલ   શશિકાંત ભટ્ટ 'શૈશવ'   જિતુ પુરોહિત

*

આ અંકના ફોટોકલાકાર : કારસ ઈયોનુતસ્ (Caras Ionut)

*

પરિકલ્પના અને સજાવટ : યોગેશ વૈદ્ય

*

પ્રૂફરીડિંગ : જિતુ ત્રિવેદી

*

અક્ષરાંકન : ભૂલોક દવે

*

ટેકનિકલ સહયોગ : ગુંજા વૈદ્ય

*

o 'નિસ્યંદન' વિશે

o મૂલત: ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમ જ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.

o લવાજમ – આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા

o નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો : અમારી વેબસાઈટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઈડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી **submit** કરો.

અથવા https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ

કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.

o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.

o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મુકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*

o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર / લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)

o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.

o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.

o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*

o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

o ટપાલ દ્વારા – યોગેશ વૈદ્ય, 'હ્રદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ - ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.

o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com

o વેબસાઈટ http://yogish.co.in   o બ્લોગ http://yogesh-vaidya.blogspot.com

o ફેઇસબુક પેઇજ https://www.facebook.com/Nisyandan

અનુક્રમ

(પૃષ્ઠ નંબર પર ક્લિક કરો અને સીધા ઇચ્છિત પૃષ્ઠ પર પહોંચો, પૃષ્ઠના તળિયે મૂકેલ સંજ્ઞા ⮌ પર ક્લિક કરી અનુક્રમ પર પરત આવો)

O સર્જકછબી અને તેનો કાયાકલ્પ



વ્હાલા ભાવક,

એક સવાલ પુછું ?

કોઈ સાહિત્યિક કૃતિ, કહો કે કવિતાને વાંચતી વેળા સૌથી પહેલા આપણી નજર શાના પર જાય છે? કવિતા પર ? કે તેની નીચે છપાયેલ કવિના નામ ઉપર ? મોટા ભાગે કવિનું નામ વાંચ્યા પછી આપણે કવિતામાં પ્રવેશીએ છીએ, ખરું? આ બિલકુલ સ્વાભાવિક ક્રમ છે. તેના સાચા-ખોટા હોવા વિષે હાલ ન વિચારીએ અને જોઈએ પછી શું થાય છે. જો આમ જ થતું હોય તો કવિનું નામ વાંચતાં જ જે કે તે કવિની તેની પાછલી કૃતિઓએ ઊભી કરીલી છબી (સારી કે નરસી) આપણને ઘેરી લે છે. આ છબી કવિની ભૂતકાળની રચનાઓએ ઊભી કરેલી તેની રચનારીતિ, ભાષાકર્મ, અભિવ્યક્તિની છટા, આંતરિક અને બાહ્ય આકાર વગેરે દ્વારા બનેલી હોય છે અને તેમાં ભાવકના અંગત ગમા-અણગમા, અભિધારણાઓ અને તે દ્વારા ઊભી થયેલી અપેક્ષાઓ પણ ભળેલી હોય છે. આ ઘટના ભાવકની જાણ બહાર જ બનતી હોય છે અને મોટા ભાગે આ છબીને જ ગળે બાંધીને ભાવક કવિતામાં પ્રવેશે છે. ભાવકના કવિતાપ્રવેશ પહેલાની આ ભૂરકી કવિતાના ભાવન દરમ્યાન અડધે સુધી અને ક્યારેક તો કવિતાના અંત સુધી ભાવકનો સાથ છોડતી નથી હોતી. કવિ છબીનો આ પર્દો કવિતાના ભાવનને તેના નૈસર્ગિક અને નિરપેક્ષ અવસ્થામાં થવા ન દે એ સ્વાભાવિક છે. આ દરમ્યાન કવિતામાં છુપાયેલી ભાવકને અચંબામાં ગરકાવ કરી દેવાની ક્ષમતાવાળી કોઈક કુંવારી વ્યંજનાની પોટલી કદાચ ખૂલ્યા વગરની પણ રહી જાય.(ક્યારેક આનાથી ઊલટું પણ બને !) કવિએ વર્ષોની મહેનતે ઊભી કરેલી પેલી પોતીકી છબી તેની પોતાની જ કવિતાના ભાવનમાં આવાં વ્યવધાનો ઊભા કરે તે કેવું કહેવાય ? આ થોડું વિચિત્ર લાગે પણ મોટાભાગે સાચું જણાય છે.

હવે સર્જક પક્ષની વાત કરીએ. એક માન્યતા મુજબ બાજ પક્ષી તેના જીવનચક્રના અંત પર પહોંચે ત્યારે (લગભગ 30 વર્ષે) ફરીથી નવું જીવન પામવા કોઈ પર્વતની ટોંચ પર પહોંચી જઈને પોતાનાં બધાં જ પીંછાં, અરે ! પોતાના અસ્તિત્વ માટે અનિવાર્ય એવા નખ અને ચાંચ પણ પોતાની જાતે જ ટોંચી ટોંચીને ખેરવી નાંખે છે. આ પાંચેક માસના એકાંતવાસમાં જ તેને ફરીથી નવાં પીંછાં, નખ અને ચાંચ ઊગી આવે છે અને તે ફરીથી બીજાં 30 વર્ષનું આયુષ્ય ભોગવવા તૈયાર થઈ જાય છે. આ છે તેનો અત્યંત કષ્ટદાયી પણ અનિવાર્ય કાયકલ્પ ! કવિઓએ પણ સમયાંતરે પોતાના સર્જન દ્વારા ઊભી થયેલી ને રૂઢ થઈ ગયેલી પોતાની છબીને , તેની આસપાસ ઊભી થયેલા પેલા કોચલાને સ્વહસ્તે જ તોડી પાડવું જોઈએ. (અલબત્ત પોતાના નવોન્મેષી સર્જનદ્વારા જ !) આ ખૂબ જ અઘરી પણ એટલી જ જરૂરી શરત છે કોઈ પણ ભાષાના સાહિત્ય માટે અને સાહિત્યકાર માટે સતત નવપલ્લવિત રહેવા, સતત નવોન્મેષી બની રહેવા માટેની.

આપણે ત્યાં આવા બાજ માફક કાયાકલ્પ કરતા, સમયાંતરે નવો જન્મ પામતા કવિઓ કેટલા? એક અથવા બે ? બસ ? અને પેલા એક યોગીની સમતાવાળા, સજ્જ અને સક્ષમ ભાવકો ?

અહીં એકનિષ્ઠ અને ઊભી લીટીને સમર્પિત રહી સાહિત્યસર્જન કરતા આપણા સમર્થ સર્જકો કંઈ ખોટું કરી રહ્યા છે તેવું પ્રતિપાદીત કરવાનો કોઈ હેતુ નથી. પણ સર્જનનો અને તેના ભાવનનો એક આ પણ અભિગમ હોઈ શકે છે તેની વાત સુજ્ઞ સર્જકોના, ભાવકોના વધુ વિમર્શ અર્થે અહીં મૂકી રહ્યો છું.

યોગેશ વૈદ્ય

તારીખ : ૩૧ . ૧૨ . ૨૦૧૩

O ગઝલ



આ રીતે મેં હાલ ઘરનું મન મનાવ્યું છે
ભીંત પર અજવાસનું પોસ્ટર લગાવ્યું છે

મારું બચપણ રોજ સાંજે પ્રશ્ન પૂછે છે
આભમાં આ સંતરું કોણે ચગાવ્યું છે?

આંખ છે અડધી સુકાયેલી નદીનો પટ
સ્મિતનું ચ્હેરા ઉપર ટેટ્ટૂ છપાવ્યું છે

જો તમારી આંખમાં દમ હોય તો જુઓ
મેં હવા પર 'આઈ લવ યૂ' કોતરાવ્યું છે

તું બરાબર વાંચ તારું નામ આમાં છે
ભાગ્ય મેં માથે ઊભા રહીને લખાવ્યું છે

સેવ થાતો જાય અનુભવ જાત થાય અપડેટ
જીવવાનું કમ્પ્યુટર જેવું બનાવ્યું છે

O કુલદીપ કારિયા





O ગઝલ

એ જ છે પર્વતથી માંડી સાવ નાનકડી કણીમાં
હું જરા હદથી વધુ બોલી ગયો છું લાગણીમાં

જોડવાનું કામ કરવાનું નહીં તો વાગવાનું
એકસરખી શક્યતાઓ પ્રેમમાં ને ટાંચણીમાં

મેહુલા તું આ વખત પડજે તને સોગંદ છે હો
દીકરીનાં લગ્ન વાવ્યાં છે અમે આ વાવણીમાં

ક્રૂર રેતી બખ્તરોને ધીમે ધીમે પી રહી છે
યાદ સૌ ઘાયલ થઈ મરવા પડી છે છાવણીમાં

કેટલી મીઠાશથી દાઝ્યો છું હું એ કેમ કહેવું
આંગળી બોળી હતી મેં તો ઉકળતી ચાસણીમાં

O કુલદીપ કારિયા

O વાંચજો ચિઠ્ઠી

મધથી મીઠી
હરણી પેઠે ઠેક લેતી મેં નળ્યમાં રૂડી સાંવરી દીઠી

લઈને માથે ચાર એ જતી
કાલ જેવી એ આજ ક્યાં હતી
ભરવાને આતુર આંખોમાં દૂરની પેલી સીમ અદીઠી

લચક લચક જોઈને કાયા
ધૂળને નથી છૂટતી માયા
કેડીઓ એને સાંજના પીળા તડકાઓની ચોળતી પીઠી

પોતામાં ના શેય સમાતી
કેટલું કહો, સાચવે છાતી ?
થડકારા ! તમે (સાંભળે નહીં કોઈ એ રીતે) વાંચજો ચિઠ્ઠી
હરણી પેઠે ઠેક લેતી મેં નળ્યમાં રૂડી સાંવરી દીઠી

O મનોહર ત્રિવેદી





O ત્યાં ને અહીં

તું ત્યાં ને હું અહીં
ફેર કશો ક્યાં પડે :આવ અથવા તો આવે નહીં

છુટ્ટું મૂકી ગળું ગાઈ લઉં
તને હોય જે વ્હાલું
કોરેમોરે   કામ   કરું
ઊઠું અથવા તો ચાલું
સાવ વચ્ચોવચ તું જ તું : ભીંતો સૌ જોતી રહી

સંભારું તો કોઈ સાંભરણ
નથી પડી કૈં ઝાંખી
આ ઓછું છે ? આટઆટલી
વેળા વ્હેતી રાખી ?
કોરો કાગળ થશે ગીત : તું કરજે કેવળ સહી

યાત્રી અલગ અલગ છે કિન્તુ
સરખી એક જ વ્યથા
રાત્રિ અલગ અલગ છે કિન્તુ
સરખી એક જ કથા
એ જ વાત છે : શિવજીએ જે પારવતીને કહી
તું ત્યાં ને હું અહીં

O મનોહર ત્રિવેદી







o નારી હૃદયનાં રહસ્યો

આ સૌંદર્ય અને વેદના વચ્ચે ઊભી રહીને હું પુષ્પોની પિયાલીમાં શા સારુ આંસુને એકઠાં કરું છું ?
આ શતાબ્દીના એકાંતને પ્રજ્વલિત કરીને હું તને શા મટે પત્ર લખું છું, હે પ્રિય સખી !?
શું ક્યારેક ઐશ્વર્યવાન પ્રાસાદોમાંથી બંદીવાન જિંદગી થોડાંક રહસ્યોની પોટલી લઈને
નથી ચાલી નીકળતી કોઈક હરિકેનથી ટમટમતી સ્વાતંત્ર્ય-ટેકરીની ઝૂંપડી ભણી ?

સખી, આ અસ્પષ્ટ ધૂસર રસ્તો કોઈ સ્વર્ગ સુધી પહોંચશે કે નહિ?
પણ પંખિણી જેમ પાંખો પર આશા અને વેદનની ભીનાશ લઈને ઊડી નીકળી છું !
આજે ફરી કુંવારૂં રક્ત જિંદગીના સુવર્ણ શિખર લગી ઊછળી ઊઠ્યું છે...
શા માટે બંદિની જેમ બેસી રહું અહીં પ્રાસાદોના સુવર્ણ સળિયાઓ પાસે ?
શા માટે બેસી રહું સારિકા પંજરસ્થા? શા માટે યાચ્યા કરું સહાનુભૂતિ આ અભિશપ્તોની ?

મારાં ખિસકોલી જેવાં ડૂસકાંમાં પ્રાર્થના અને દિવ્યતાનું બળ છે, સખી !
મારો એકએક જખ્મ પરમાત્માનું પ્રેમગીત છે !
મારી આ નવી ભાષા આપણા નારી-જીવનની ક્રાન્તિની કવિતા છે !
મારા હૃદયનાં રહસ્યો આજે તને જિંદગીના અર્ધપારદર્શક પરબીડિયાંમાં મોકલું છું, સખી !

મારી મંઝિલ હીરા-માણેક-મોતીના અલંકારો કે સોનેરી જરીનાં આભૂષણો નથી...
એક પછી એક બંધ ઓરડાના પ્રાસાદો નથી, જેમાંથી બહાર નીકળવાને કોઈ બારણું ન હોય-
મારી મંઝિલ પુષ્પો અને પંખીઓથી ચહકતી કુંવારી સવાર છે
મારી મંઝિલ શતાબ્દીઓના ખિલખિલાટમાં બાળકો સાથે પકડદાવ રમતો પરમાત્મા છે-
પંખીઓ સાથે ચણ ચણવા બેસી જતો, વૃદ્ધાઓનાં નેત્રોમાં કરુણાથી અશ્રુજલ ટપકતો-
માત્ર અનાગત હોય, માત્ર વસંત હોય, સમગ્ર વનને અર્થ આપતો એક ટહુકો હોય...
અને અનાગત શતાબ્દીઓના ફૂલછોડની પાંદડીએ કન્યાઓ સ્વપ્ન-પતંગિયાં શણગારતી હોય...

સખી! ક્યારેક તને પ્રગાઢ નીંદરમાં અનાગતની કોઈ વૃક્ષડાળી પાસે સ્વપ્ન આવે
અને નાનકડી પૃથ્વી જેમ કાવ્યપઠન કરતી બાળકીને તું જન્મ આપે-
તો એનું નામ 'નિર્બંધિકા' રાખજે-
વિશ્વની સર્વ સ્ત્રીઓની સ્વાતંત્ર્ય-ઝંખનાની પ્રતિશબ્દતામાં !

o યશવંત ત્રિવેદી

O ગઝલ

ખુશ રહું છું ઘણો હું તો આ રીતથી,
કોઈ લે છે મજા મારી તકલીફથી

લાશ જોતો રહ્યો એ બહુ ચીઢથી,
માત્ર ફોટો મળ્યો જ્યારે પાકીટથી.

દોસ્ત રાખો અપેક્ષા ગજું જોઈને,
કામ ઈશ્વરનું લેવાનું તાવીજથી !

કામ આવી ન કોઈ ચતુરાઈ તો,
એણે મરવું પડ્યું અંતે તરકીબ થી

આંચ આવે પછી ક્યાંથી વેરાનને !
ચીસ પણ નીકળે ના કદી બીકથી

એક દિવાસળી એની પાસે નથી,
સૌને બિવડાવતો ખાલી માચીસથી !

O ભાવેશ ભટ્ટ







O ગઝલ

આવડે છે એમને કરતબ ઘણા,
થઈ રહ્યાં છે શહેર થી ગાયબ ઘણાં !

કોઈ ઘરની બહાર જો ના નીકળે,
તો નીકળતા હોય છે મતલબ ઘણા !

આજ ને બહુ રોફથી ગીરવે મૂકી ,
કાલની શીખી રહ્યાં છે ઢબ ઘણાં !

એમનાં સન્માન પણ કરવાં પડે,
હોય છે ઈશ્વરના પણ નાયબ ઘણા !

સૌની ભીતર હોય છે ખાબોચિયું,
એક બીજામાં કરે છબ-છબ ઘણાં !

O ભાવેશ ભટ્ટ

O વિલાનેલ

ધ્રૂજતા એ હાથને ઝાલ્યા નહીં
જિંદગી આખી વિરહ સાલ્યા કર્યો
એક ડગલું આપણે ચાલ્યા નહીં

એટલે ફૂલ્યાં નહીં ફાલ્યા નહીં
આપણા હુંકારે રસ્તો આંતર્યો
ધ્રૂજતા એ હાથને ઝાલ્યા નહીં

દૂર જાતા પગરવો ઝાલ્યા નહીં
પ્રેમ આવી કેટલુંયે કરગર્યો
એક ડગલું આપણે ચાલ્યા નહીં

મૂર્તિવત્ હાલ્યા નહીં ચાલ્યા નહીં
છેવટે તો બાંકડોયે થરથર્યો
ધ્રૂજતા એ હાથને ઝાલ્યા નહીં

સાવ સામીપ્યો હતાં મ્હાલ્યા નહીં
આમ કહેવાને સમંદર પણ તર્યો
એક ડગલું આપણે ચાલ્યા નહીં

આંસુથી પગને તો પ્રક્ષાલ્યા નહીં
માનતા પાછા કે ચીલો ચાતર્યો
ધ્રૂજતા એ હાથને ઝાલ્યા નહીં
એક ડગલું આપણે ચાલ્યા નહીં

O ડૉ. નીરજ મહેતા







O ગઝલ

પગ તળે આવી જશે આખી સમષ્ટિ એક દી
રજકણે પણ કેળવી'તી એવી દૃષ્ટિ એક દી

શ્રમ કરીને ભાલ પર પ્રસ્વેદ ચમકાવ્યા કરો
છત્ર ફાડીને થશે સૌભાગ્ય-વૃષ્ટિ એક દી

એમ માની સૂઈ રહો તો આપણો દિ' નૈં વળે
-કે થશે સાકાર આખી સ્વપ્નસૃષ્ટિ એક દી

સંગૃહિત કરતાં રહો તો થાય ના પરિતોષ પણ
આપ જો આપ્યા કરો તો થાય તુષ્ટિ એક દી

કંટકિત આ છોડને પાણી અહર્નિશ પાઉં છું
આંગણું મ્હેકાવશે આ દીર્ઘદૃષ્ટિ એક દી

આપણે બસ અન્ય કાજે જાતને ઘસતાં જવું
અંતમાં સળગી જવાની દેહયષ્ટિ એક દી

હરક્ષણે હો ઉત્સવો, હરદિન અમારો પર્વ હો
પૂર્વનિર્ધારિત પડે છો મોત-મુષ્ટિ એક દી


એક પળ માટેય ખુદના દુર્ગુણો જો છોડીએ
સંભવામિ હર યુગેની થાય પુષ્ટિ એક દી


O ડૉ. નીરજ મહેતા

સ્મૃતિ વિશેષ

કવિ શ્રી હિંમત ખાટસૂરિયા

અમે સડકુંના સાંઈ





હિંમત ખાટસૂરિયા

O બિરાદર હિંમતભાઈને

O સરૂપ ધ્રુવ



૧)

હિંમતભાઈ !
એ લોકોના શિલાલેખો તો ખર્ ખર્ ખરતા રહ્યા છે.
અને ખરતા રહેવાના છે;
પણ આપણી વાણી તો ઠેઠ તળિયેથી માંડીને
ટાપુની સપાટી સુધી પથરાઈને પરખાતી આવી છે
અને પડઘાતી રહેવાની છે.
એ લોકોના આદેશો અને આજ્ઞાઓ તો
યુગોના યુગો લગી, જડબેસલાક અવ્યવસ્થામાં સડતાં રહ્યાં છે ને
સડી મરવાનાં છે...ગંધાઈ ઊઠવાનાં છે.
પણ આપણાં ગીત તો વમળનાં મૂળિયાંમાંથી ઊભાં થઈને,
મોજાંની છાલકોનાં ફીણનો ફરફરાટ બનીને વેરાઈ જવાનાં છે...
વહેંચાઈ જવાનાં છે.
એકમેકને હળતીમળતી હથેળીઓની હૂંફમાં,
અરસપરસ ફરતી ચલમની ચિનગારીઓમાં
અને શ્રમના સૂરે ધબકતી છાતીઓના ખૂણે જલતી,
જળવાતી આપણી આગને
એ લોકો
નહિ તો ઠારી શકે, નહિ તો દાબી શકે, કે નહિ તો છાંટી શકે
એમની ટાઢીબોળ, સૂગાળવી અવગણનાનાં ગંગાજળથી !
આપણાં ગીત તો વડવાનલ થઈને
ધૂંધવતાં રહેશે
આ જ પાણીના પેટાળમાં
આ જ સમદરની ક્ષિતિજ ઉપર !

૨)

હિંમતભાઈ !
હજીયે ગૂંજે છે
તમારી કવિતાના બળકટ ઉછાળ
આ સોરઠના સમદર તટે
દિશાઓ પણ સાંભળે છે,
સરવા કરીને કાન
મારગની શોધમાં નીકળેલાંને ઈજન છે....
તમારા ઘેઘૂર સાદનું...
ક્રાંતિના બુલંદ એ નાદનું..
ક્યાં- ક્યાંથી આવે છે આ અવાજ ? આ સાદ ? આ નાદ ?
મૂંગી માછલીઓનાં ભિંગડાં ઉતારતી – સાફ કરતી
કેરળકન્યાઓની મૂંગી વ્યથામાંથી...
કડકડતા દોર અને કિચૂડાટતા ફૂવાથંભ પકડીને
સડેડાટ ચડ-ઉતર કરતા ખારવાઓની વજ્રપકડમાંથી...
અડધી રાતના અંતરિયાળ જુવાળમાં તરતા મછવા પર




મીટ માંડીને બેઠેલા
માછીમારની આંખોમાં ખાબકતાં આશાભીના પરોઢના
ઉજાસમાંથી..
દારૂડાની પિયાલીમાં બારબાર માસના વિજોગને ડુબાડતી
ખારવણના વલોપાતમાંથી...
ફરકતી ભગવી શિવધજાની છાંયામાં બબ્બે રૂપિયામાં
બાળપણ વેચતી
બાલિકાની અણસમજુ છતાંય લાલચુ લાગતી આંખમાંથી.
બસસ્ટેન્ડ પર બૂટ પોલિશ કરતા ટેણિયાની
અકાળે જ ચાલાક થઈ ગયેલી ઉધ્ધત સિસોટીમાંથી...
કેસર કેરીના રંગબેરંગી અને સોનેરી કેળાંનાં
પીળા ધમરક લૂમખાંને
હમણાં જ ખટારે ચડાવીને, હાંફતાં બાવડાંનો પસીનો લૂછતાં
બજારના ખૂણે બેસીને, ડુંગળીના દડા વગર જ
સૂકો રોટલો બટકાવતા,
મૂલીમજૂરના અકળ-અગમ અસંતોષના તિખારામાંથી..
પણે...
તૂટતાં જહાજોની પોલાદી પકડમાં
ચેપાતા-ચીખતા બિહારી મજૂરોની બિરહાની તાનમાંથી..!

છે...
મારા-અમારા અને તમારા મનપ્રદેશમાં
તૂટતાં જતાં દેવાલયો ને મહાલયોના ધ્રૂજતા થરથરાટમાં પણ
એનો ધ્વનિ છે;
વિકાસના નામે વહેતી મુકાયેલી વારતાઓ સાંભળતાં
અબૂધજનના હોંકારામાંયે એનો અણસાર છે;
અને હા..
ઇતિહાસના અણસમજાયેલાં પૃષ્ઠો ઉપર
પ્રશ્નચિન્હ બનીને વંકાઈ ગયેલા પેલા દાતરડાના
તીખા-તીણા કરકરાટમાંયે
એનો પડકાર છે
ને એટલે જ તો બિરાદર !
મારા-તમારા ખભાથેલાને
સાગરને
અને ક્રાંતિને-
ક્યારેય ક્યાં કોઈ સરહદો નડે છે !



O સરૂપ ધ્રુવ

આ રચના સંદર્ભે સરૂપબહેન લખે છ “ ૧૯૮૮ની એક બપોરે, સોમનાથના પ્રાંગણમાં હિંમતભાઈ ભટકાઈ ગયા. એકમેક સાથે હાથ મિલાવતાં અમે બંને આશ્ચર્યમાં ગરકાવ ! પૂછ્યું તો કહે : “હમણાંનો આખાય સૌરાષ્ટ્રના દરિયા કિનારે ફરું છું. લોકોને મળું છું, એમની વાતો સાંભળું છું, એમનાં ગીતો-કથાઓ નોંધતો જાઉં છું કાંક મોટું કામ ઉપાડ્યું છે’.. હિંમતભાઈ તો અધવચ્ચે જ આપણી વચ્ચેથી ચાલી નીકળ્યા- પેલું ‘મોટું કામ’ આપણને સોંપીને ! ... જનવાદી ક્રાંતિના પ્રહરીસમા અમારા મુરબ્બી બિરાદરને સલામ સાથે સાદર”
(વર્ષ ૧૯૮૮માં કવિ હિંમત ખાટસૂરિયા વેરાવળ અમારા ત્રણ-ચાર દિવસ માટે મહેમાન થયેલા તેનું આ તકે સ્મરણ તાજું થાય છે.)- સંપાદક





હિંમતભાઈ યુવા અવસ્થામાં



હિંમતભાઈ , ઊર્મિલાબે'ન, સંતાનો આશા અને રાજુ

હિંમતભાઈ , ઊર્મિલાબે'ન, સંતાનો આશા અને નિખિલ



અમે પાદરના છૈ
જીવતા પાળિયા
તમે ખોટે રે ઠામ
જીવ ઢાળિયા



એક રાજકીય સમારંભમાં હિંમતભાઈ

નિર્ધૂમ ચૂલાના પ્રચાર કાર્યક્રમમાં હિંમત ખાટસૂરિયા







પત્ની ઊર્મિલાબે'ન સાથે

હિંમતભાઈ અને મિત્ર હરકિશનભાઈ

કવિ હિંમત કાટસૂરિયા







હિંમતભાઈ , ઊર્મિલાબે'ન, પુત્ર રાજુભાઈ અને પુત્રવધૂ રેણુકાબેન

અલગારી હિંમતભાઈ

કવિ હિંમત ખાટસૂરિયા ,ઊર્મિલાબે'ન સાથે હળવી પળોમાં

O શબ્દ

ફૂટી ગયેલા કારતૂસ જેવા શબ્દો
વીકલીના છેલ્લાં પાનાંઓની જાહેરાતમાં હોય છે
તેવી પિસ્તોલના ધડાકા
ચહેરા પરનો પાવડર-લાલ રંગ, નોટની ખોટ્ટી છાપ
બધું જ અહીં બત્તીના ઝળાઝળા પ્રકાશમાં
સાફસાફ વરતાય છે
આ બધાંય છતાં માનવું રહ્યું કે
આ નાટક નથી
નાટક માટે તો ગંભીરતાથી મહેનત કરવી પડે
શબ્દો- વપરાઈ ગયેલા નિરોધના ફૂગ્ગા જેવા
હવે શેરીઓમાં આમતેમ રખડે છે
ક્યારેક છોકરાઓ પણ એને ટલ્લે ચડાવે છે
શબ્દો - સાત વાર દાઢી કર્યા પછીની
ભારત બ્લેડ !
એને શાર્પનરમાં નાખો કે ન નાખો
દઢીના એક વાળનેય ઈજા કરે
તો ભારતના સોગંદ !
તો ચાલો આ શબ્દોને શણગારીએ !
એનું સરઘસ કાઢીએ !
એના કપાળે કુમકુમ અક્ષત લગાવીએ !
કદાચ આ શબ્દોને
ક્યાંક મઢી શકાશે.





O મન થાય છે !

મન થાય છે કે
આપણી આ કરચલિયાળી ચામડી પર
હજારહજાર વોલ્ટની ધગધગતી અસ્તરીઓ ફેરવું
અકાળે વૃધ્ધ થયેલા આ ચહેરાઓ
પાટણવાળાના ઠંડા લેપે બદલાય તેમ નથી.
મન થાય છે કે
ઠરી ગયેલા ઠુંઠવાઈ ગયેલી નસોના માળખાને ઉપાડીને ઝીંકી દઉં
જંગલના કાળઝાળ દાવાનળે
ટોનોસ 7 ની જાહેરાતે લોહી વહેતું નથી થતું અહીં
દાવાનળની આંખે
એ કદાચ વહેતું થાય
મૂઢ થઈ ગયેલા મન સાગરને
મથવા વિપ્લવના
મહા તોફાનના મંત્રને નિમંત્રું
મન થાય છે કે
નવી આંગળીઓ ઊગશે તેની ચિંતા કર્યા વગર
સડેલી છે તે કાપી નાખું
માણસ એટલે બે હાથ-બે પગ
માણસ એટલે બે આંખ-બે કાન
એ સમીકરણોથી છેતરવાનું બંધ કરો
મન થાય છે કે
મન થાય છે કે - પણ

O અમે સડકુંના સાંઈ

ઊંચી રે મેડીના તમે આદમી
અને અમે સડકુંના સાંઈ
તમારા અમારા શિખર જુદા
વચમાં વસમી છે ખાઈ
તમારો અમારો નેડો નઈ નભે

ફૂલ છો રૂપાળાં રેશમ પાંદડી
અને અમે કાંટાળા છૈ થોર
તમને ફાવે રે મધમીઠી લેરખી
અમને તોફાનોનો તોર
તમારો અમારો નેડો નઈ નભે

તમે શીળા સુખડ ચંદન લેપ છો
અમે સડસડતા તેજાબ
તમારે કેસર ઘૂંટ્યા વાટકા
અમ્મારે ખારી પાતર રાબ
તમારો અમારો નેડો નઈ નભે

ફાવે રે ફાવે રે પળ પળ પાલખી
અડવાણે પાયે વીંધવાના વન
નજરું તમારી ઝાંઝર ઝૂમખે
અંતરમાં આથડે અમ મન
તમારો અમારો નેડો નઈ નભે

લાખ ક્રોડ કેરી વાતું તમ આંકડે
અમે રોજ ઘૂંટતા મન શૂન
આંકડા અંતરના ભૂલવા મથો
એ જ બધા આંકડાની અહીં ધૂન
તમારો અમારો નેડો નઈ નભે.





O આથમવું હોય તો છો આથમી રે જાવ

આથમવું હોય તો છો આથમી રે જાવ
મારાં ઊછીનાં લીધેલાં રૂપ
ચહેરો ધોવાઈ જાય ચહેરો પરખાઈ જાય
એવો હો બળબળતો ધૂપ-

ચહેરાઓ ચીતરીને બેસવું બજાર
અને ઊભા કરવાના આભાસ
બુઝાતા દીવડાઓ ભીતરમાં મેલ
તોય કહેવું કે જ્યોત શ્વાસ શ્વાસ
ભીખવાનું શીખવાતું આંગળીઓ ઝાલીને
કહેવાનું થઈશ આમ ભૂપ.

દુનિયાના દરશનમાં ભાળ્યું કંઈ નવતર
કે ફદ્દ લાગે જીવને એ ચાસકો
ઠાલા આભાસ રહ્યા ઓગળી કે શું
એનો હૈયામાં રોજરોજ ધ્રાસકો
આપણને આપણા જેવું ન કશું જીવતર છે
આપણે તો કોકના છૈ ઉપ.

એકવાર મૂકી દઈ જૂઠનો આ સંગ
હાલો જોઈ લઈ સતનો રૂઆબ
ઉછીના ચીંથરાંઓ ફેંકી દઈ દોસ્ત
પછી દુનિયાને દઈએ જવાબ
એકવાર હૈયાને હિમત દઈ હાલીએ
જરા આરાધી સાચકલાં રૂપ
નક્કી થઈ જાશે જિંદગી અનુપ.
આથમવું હોય તો છો આથમી રે જાવ
મારાં ઉછીનાં લીધેલાં રૂપ.

O તમે શિશિરની રાત સખી

તમે શિશિરની રાત સખી
ને હું વૈશાખી તડકો
હિમ ઠારતું તમે અને
હું ભડભડ ભડકો

તમે સુગંધી ધૂપ
દળાતાં મરચાની હું ગંધ
તમે રેશમી રૂપ
અમારે બરછટતા અકબંધ
કોમળ કોમળ કેડી તમારી
ગરમ ગરમ અમ સડકો

મેઘ ધનુષના રંગ તમે
હું વીજ અગનની રેખા
તમે મધુનો સ્પર્શ
અમારે ઉર અગનના લેખા
તમે મૃદુ નવનીત
અમારો ખેલ સદાયે ખડકો
તમે શિશિરની રાત સખી
ને હું વૈશાખી તડકો





O અણુ જેવડું અંતર એને પહાડ જેવડી પીડ

અણુ જેવડું અંતર એને પહાડ જેવડી પીડ
સાંધે સાંધા શિથિલ વીંધવ બિહામણા કંઈ બીડ.

ગુલમહોર શી આ દુનિયામાં રંગ હશે નિત ઢળતા
મરકંતા ચહેરાઓ મારગ રોજ રહેશે મળતા
એને બદલે કદમ કદમ પર આજ જીવનની ચીડ

પ્રીત પાંખડી હશે મહેકતી ગીત ગુલાબી ઘેરાં
લહર લહર હર મસ્તી તુફાનો ક્યાંય ન કોઈએ પહેરાં
પ્રીતખેતરે ક્યાંથી ટપક્યાં આજ ત્રાસના તીડ

માણસ નામે માણસ ક્યાં છે મહોબત નામે મહોબત
રંગ ભરેલી સંગત ક્યાં છે સુખ શમણાંની સોબત
આજ અહીંના માણસ છે, છે ભરચક ભરચક ભીડ

ખોવાયેલા અવાજ છે સૌ આંસુ પણ ખોવાયાં
અરમાનોની એ જ દશા છે પ્રાણ પીડે પ્રોવાયા
કોણ સાંભળે રણમાં કહેશો રડનારાની રીડ.
અણું જેવડું અંતર એને પહાડ જેવડી પીડ.

O પ્રિયદર્શિની !

તમને લખું કે ન લખું?
મનમાં મોટી મૂંઝવણ છે મને
અંદરથી ભાંગેલા પાકિસ્તાન સાથેની
લડાઈમાં મળેલા વિજયથી
બધા આજ કોઈક કેફમાં છે
ત્યારે તમને એવું લખાય કે
આજે મારે મારી ઘરવાળી સાથે
પૈસા માટે ઝઘડો થયો હતો
શાકના વઘાર કે ચાના કપ સાથે
તમારા જેવા દેશ્દુર્ગાને જોડું
તો આ દેશના લોકો
મને હેરાન પરેશાન કરી નાખે
તમને હું એય કેમ કરીને લખું?
કે
આજ અહીં સુરેશે આપઘાત કર્યો.
સુરેશને તો તમે શાના ઓળખો?
એવા તો કેટલાયે સુરેશ છે!
એ નોકરી કરતો નગરપાલિકામાં,
ઉંમર બાવીસ-પરણેલો
એની નગુણી પત્ની
પતિની લાશનો કબજો લેવાનોય
એણે ઇન્કાર કર્યો-
લઈને શું કરે એવું પૂછી પણ બેઠી!
પ્રિયદર્શિની
તમને એવું બધું કંઈ લખાય?
બધાની સાથે હું પણ સૂધબૂધ
ભૂલીને હવે તો તમારાં જ ગીત ગાઈશ
બધાની માફક સત-અસત છોડીને
હુંય તમારી આરતી ઉતારીશ
બધાંની જેમ સાચું-ખોટું મૂકીને
હુંય હવે તમારે ડગલે ડગલે
ફૂલ વેરીશ
પ્રિયદર્શિની,
બીજું કંઈ લખવાનું નથી
આટલું જ - બસ આટલું જ.



O તટસ્થતાની ચાહના

ઊભા રહી તટસ્થતાને તીર
વહેણના રંગ ઢંગની ચર્ચા કરતાં
મહાનુભવો તરીકે ઓળખાતાં આપણે સૌ
ચાલો ! હવે વહેણમાં ઊતરીએ
પાણી તો ડોળા ઊંડા, વેગીલા
રહેવાના જ, રહેવાના જ.
એનું જ નામ તો છે વહેણ
તમારે
દોસ્તી જોઈએ છે કિનારાની !
તો કરો પણ તો પછી
વાતો કરવી રહેવા દો વહેણની,
વહેણ તો વહેવાનાં
એની પોતાની આગવી રીતે જ
એ વહેણને ધારો તો બદલી શકાય
પણ
એ માટે તો જાતને ઝીંકવી- પછાડવી પડે
વહેણની વચ્ચોવચ્ચ
મહાભારતના ભોળા ભીમની જેમ.
પ્રવાહો અમસ્થા નથી પલટાતા
પણ આપણી તો અનોખી છે પ્રીત !
તટસ્થતાની આપણી ચાહના !

O એક તારું આકાશ, એક મારું આકાશ,

એક તારું આકાશ, એક મારું આકાશ,
બેય આકાશો વચ્ચે આકાશ છે
તું છે તરડાતી લાશ, હું છું મરડાતી લાશ,
લાશ વચ્ચે અહીં લાશોની લાશ છે !

લાશોનાં જંગલ છે, લાશોનાં આકાશો,
લાશોનાં શહેર, નગર, ગામ છે :
હાડકાંના ભંડારો, ખોપરીના ખડિયાઓ,
એક એક હાડકાએ ડામ છે
હાડકાંઓ હાડકાંની સાથે નિત અથડાતાં
હાડકાંને હાડકાંની આશ છે !

હાડકાંઓ ખેતરમાં વાવે છે હાડકાં
ને હાડકાંઓ લણતાં રે હાડકાં:
કચડ કચડ કચડ રોજ કચડાટી બોલતી,
રોજ લડતાં રહે હાડકાંનાં લાડકાં-
દધીચિના દીકરાઓ દધીચિની સામે છે,
એને દેવાના વીંટળાયા પાશ છે ?

લાશની વચ્ચે અહીં લાશોની લાશ છે,
બેય આકાશો વચ્ચે આકાશ છે ?





O વાંચતા જો આવડે રે એક મને અકશર

વાંચતાં જો આવડે રે એક મને અકશર
તો તને આખી ને આખી દઉં વાંચી
પગલાંની ધૂળ તારી પંથે પરખાય
એની રજ રજ પર રગે રહું નાચી.

અમ્મે અભણ અને બરછટ છૈ લોક મોટી મોટી વાતુમાં શું જાણીએ
આંખ્યું ને પરરોવી આંખ્યુંની આરપાર મોલાતું મનભરી માણીએ
આડી રે અવળી કોઈવાત ભલા કીધી નથી કીધી છે વાત હાવ હાચી.

અમને ઉકેલવાનાં ગમતાં આકાશ અને ગમતી ઉકેલવાની રાત્યું
રંગોળી રોજ રોજ સાંજ ને સવાર જીવ એની અંકાય સદા ભાત્યું
પરસન એ થાય જરી પળબેપળ એ સારું શંકરને રોજ રહું જાચી.


દુનિયાના લોક મને રોજ રોજ સમજાવે પ્રીતતણો મનને ભરમ છે
એવું યે હોય તોય ભલ્લે ને હોય એમ ભરમાવું એય તો મરમ છે
કેનારા છોને સૌ વાતુંને કેતા રે અમ્મારી હમજણ છે કાચી....

ઝાઝું નહિ કોક મને શિખવાડે સહેજ જરી અકશરનો પેલ્લો મરોડ
ઉકેલીશ આયખાના આયખાની વાતું ને ગણતાં શીખીશ હું કરોડ
તપવું છે ખૂબ પણ પાકા ના થાવું છે પ્રીત પાંગરતી જોતાં રહું રાચી.

વાંચતાં જો આવડે રે એક મને અકશર
તો તને આખી ને આખી દઉં વાંચી.

O ગાય મરી ગઈ બાઈ મરી ગઈ

ગાય મરી ગઈ
અરે મરી ગઈ
ભર બજારમાં લથડી લથડી
ભૂખે પેટે તફડી તફડી
પેટ પાંસળાં ચોંટેલાં લઈ
પોળ પોળમાં રખડી રખડી
અરે, રામ છેવટ જુઓ
આ ગાય મરી ગઈ
અને જુઓ
આ મંદિરમાંથી સરઘસ નીકળ્યું
ધજા પતાકા ઢોલ ધડૂકતા
અબીલ-ગુલાલે ગાય મરેલી
ઢંકાઈ ગઈ
ને અંતિમ સંસ્કાર કાજ
લો ચાલી જાતરા
ઘડી જીવનની આજ સફળ થઈ
મહાજન ઊમટ્યું
બજાર સઘળી બંધ કરીને
રામધૂનની રમઝટ જામી
ધૂમ મચી ગઈ
ધરમ નામની ધૂમ મચી ગઈ
કાળાં નાણાંવાળા આવ્યા શેઠ કરમચંદ
દૂધ પાણીને ભેળવનારા
ને લોકોને છેતરનારા
ધરમદાસ પણ આવી પહોંચ્યા
વ્યાજે જેણે ઘર ડોલાવ્યા
ખેડુ કેરા ખેતર માંડ્યાં
વીરચંદજીયે જોડાયા
અને ભગત જેને ત્યાં
સાચેસાચ પાપ સૌ નાચ કરે છે
સૌથી આગળ સરઘસ માંહે
રહ્યા ચાલતા
ઝૂલે રેશમી ઝબ્બા ઉપર
શાલ કાશમીરી
રાધેશ્યામ તણી સૌ માયા.
અરે મરી ગઈ
ફૂવો પૂરી ગામ બધાને
હાય અરે હેરાન કરી ગઈ
ધણી બિચારો રઝળી પડ્યો‘તો
રોજી એની તૂટી ગઈ'તી
ઘેર હાંડલી પણ નહોતી રહી
હાય ! બીચારાના જીવનમાં
આઝાદી ના ક્યાંય વસી ગઈ
રોજી તૂટી રોજી ખૂટી
અને એક ઓરતની ઇજ્જત
શેઠ તણા શેતાને લૂંટી
ઘેર ભાખરી એકે નહોતી
હાથ ચાકરી ક્યાંયે નહોતી
ભૂખ્યાં બાળક ભૂખી માતા
કામ ગોતતી રોતી રોતી
ભમતી થઈ'તી હાથ પડી ગઈ
ટીલું તાણી બેઠેલા એક
શેઠપુત્રને હાથ પડી ગઈ.
અને મરી ગઈ
બાળક લઈને
બે બાળકની માત મરી ગઈ
ફૂવો પૂરી.
ભૂખે અહીંય લથડી લથડી
હૈયે રોજે ફફડી ફફડી
પડતી મારગ ખાતી ચકરી
જીવન કેરો રાહ ચૂકી ગઈ
અરે મરી ગઈ એક મજૂરણ
ભારત કેરી એક મજૂરણ
નહિ મંદિરે સરઘસ નીકળ્યું
નહિ શેઠના હૈયાં હાલ્યાં
નહિ ભગતને ભાવ ઊમટ્યા
દેશ તણી દૂબળી દુહિતાને
ચોગરદમ છે આગ ફરી ગઈ
ગાય મરી ગઈ !
હાય ! બિચારી ગાય મરી ગઈ
બાઈ મરી ગઈ !
હાય ! બિચારી બાઈ મરી ગઈ !



O ક્રાંતિ

મને એ બહુ ગમે છે
હમણાં તો રોજ ભટકાય છે છાપામાં
મેં એને જોઈ નથી
તમે જોઈ છે ? કેવી છે ?
નથી ખબર ?
મને લાગે છે કે
એ 'હરે કૃષ્ણ હરે રામ'
જોવા માટે માટે ઊભરાતી
પેલી પંદર - પચીસ વચ્ચેની
ન છોરવીઓ જેવી હશે.
અને એવી નહિ હોય તો કદાચ
સાંજે વોરા બજારમાં બકલને બંગડીની
માથાફૂટમાં બે કલાક બગાડતી
પેલી બેલબોટમ ધારી કન્યકાઓ જેવી હશે,
નહિતર ઘોઘા દરવાજે ભેગી થતી
વિવિધ વેષભૂષામય તરુણ ટોળી
જેવી રંગીન મસ્તી ભરી હશે એ ચોક્કસ !
આપણને તો આનંદ આનંદ ગમે,
એય બાબુ મોશાય ! કહી હસી પડવાનું,
કોઈને ધબ્બો લગાવવાનું - ભટકાઈ જવાનું
એ એ જ હોવી જોઈએ
આ બધું ન હોય તો
એ શી બલા છે?
જરા બોલો તો ખરા !
ગાંજાનો દમ ?- મોનિકા !
- માય ડાર્લિંગ !
પાર્ટીઓ- સન્માન સમારંભો
કોઈ સમજાવતું નથી.
છાપામાં તો રોજ એના હૂંફાળા શબ્દો
ટુલાઈન, ફોરલાઈન, સિક્સ લાઈનમાં
ઠલવાય છે
મને એ બહુ ગમે છે
તમે આ ક્રાંતિની ઓળખાણ કરાવશો ?





O ગઝલ

જોઈ રહું છું શ્વાસને ધુમાડો ગળી જાય
ક્ષણેક્ષણે આ શ્વાસમાં ધુમાડો ભળી જાય,

ખુલ્લી હવાને આવવાનાં બાર કર્યાં બંધ
ગંધોના ખ્યાલને હવે ધુમાડો ચળી જાય.

ડગલું જરાક હું ભરું ત્યાં શોષ કંઠમાં
મનની બધી મુરાદને ધુમાડો છળી જાય,

તમને હું શોધું છું કહેશો કેટલા છો દૂર
યાદોનાં ઉપવનોને આ ધુમાડો ઝળી જાય.

કોશિશ કરું છું ક્યાંકથી ફાટે પતાળ અહીં
ત્યાં તો ધીમેથી આવીને ધુમાડો ઢળી જાય.


સહુ રંગ જિંદગીના બધા થઈ ગયા પીળા
કૂંપળને ફૂટતાં જ અહીં ધુમાડો દળી જાય.

હું સ્વપ્ન મુક્ત શ્વાસના જોતો રહું સદા
સ્વપ્નો ફળે નહિ અને ધુમાડો ફળી જાય.

આકાશને આ વાત કહેવાનો અર્થ ના
એને ય મારી પહેલા જઈ ધુમાડો મળી જાય.

O ચાર કદમ કવિ હિંમતભાઈ સાથે !

રમેશ ર. દવે



આપણે સૌ જાણીએ છીએ કે હિંમત ખાટસૂરિયા કવિ હતા પણ એમનામાં, હું કવિ કર્મ કરી રહ્યો છું - એવી કશી સભાનતા લગીરેય ન હતી. આમ પણ હિંમતભાઈનું વ્યક્તિત્વ દસે દિશાએ વિહરતું અને સાવ મોકળું - મુક્ત હતું .સ્થાપિતો અને શ્રીમંતો સામે સૂત્ર નહીં પણ એમનો જીવનતંતુ બહુધા છેવાડે ઊભેલા માણસ સાથે વધુ વણાયેલો હતો.

રાજકીય વિચારધારા અનુસાર આ કવિ સામ્યવાદી ચિંતનને સમર્પિત હતા. આમ હોઈને એમને કોઈએ કદી કોટ-પેન્ટ અને ટાઈ-બૂટમાં જોયા નથી. એ જ ભૂમિકાએ હિમતભાઈને ધોળાં બાસ્તા જેવા કડક-આર-ઈસ્ત્રી કરેલાં ઝભ્ભા-લેંઘા ને અણીદાર ટોપી પણ અનુકૂળ ન હતાં.

મુરબ્બી-મિત્ર હોવાં છતાં એમની કાવ્યકૃતિઓનો વિધિવત કશો અભ્યાસ મેં કર્યો નથી. એમણે એવી અપેક્ષા પણ રાખી ન હતી. અલબત્ત, ભાવનગરના હલુરિયા ચોકમાં મારી સાઈકલનું હેન્ડલ પકડીને એમ જ ઊભા ઊભા, એમની નવી રચાયેલી કૃતિઓ એક વિશેષ લગાવ સાથે એમણે સંભળાવી હતી. કાવ્યપઠન પછી કિટલીવાળાની કડક-મીઠી ચા પણ પિવાય-પિવાય જ ! ને છતાં એના કડક-મીઠા સ્વાદને ઓળંગીને પેલી રચનાઓમાંથી ગુંજતો કાવ્યનાદ કાનમાં પડઘાતો રહેતો. નગરચોકમાં અમે સહિયારી માણેલી કાવ્યપઠન અને આસ્વાદની અમારી એ લિજ્જત, ગમતા ગ્રંથમાં સાચવેલા મોરપિચ્છ સમી સચવાઈ છે. આજે વર્ષો પછી યોગેશ વૈદ્યનો આદેશ....હા, પ્રેમાદેશ થતાં- એ સ્મૃતિમંજૂષા ખૂલી અને ગમતાંનો ગુલાલ કરું છું -

જિન્દગીને આ કવિએ નરી મોજ-મસ્તીથી અને આવી તેવી આપદાને આ માણસે નરે બિનધાસ્ત રીતે-રૂપે માણી હતી. આ વિધાનની સાહેદી એમની આ કાવ્યપંક્તિઓ જ પૂરે છે:

થઈ થઈને શું થઈ જવાનું, થઈ થઈને ભઈ, થઈ થઈને,
ગીત આપણે ગાવાનું ચોક વચાળે જઈ જઈને
ભલે કારમાં હો અંધારાં તોય સૂરજ ઊગવાનો છે,
ભલે તુફાનો દેતાં ડારા, રાહ છતાંયે સૂઝવાનો છે;
પ્રીત પંથની, ગીત પંથનાં હસતાં-ગાતાં જાવાનું !
....
સહુની હારે હાલો હળવે, મૂકી મોકળું હૈયાને,
ગાઓ-ખેલો, ખૂબ બજાઓ-નચાવો સાગરનૈયાને,
નામ અમારું છે મસ્તાના, ના કંઈ બીજું લખાવાનું,
સમજ આટલી જાય પડી તો ના કંઈ છે સમજાવાનું.

ના, અહીં નથી કશો પંડિતયુગી વાગાડંબર કે નથી શબ્દ-વૈભવ. છે તો નરી મોકળાશ, હળવાશ ને વધારામાં છે વય-નિરપેક્ષ સાહજિકતા. મન હશે તો માળવે પહોંચાવાનું જ છે- ના, ઘરેથી કશાં નકશા-નિશાનીઓ લઈને નીકળવાનું નથી, રાહ તો એમ જ જડી જવાનો છે, કારણ કે માંહે ગવાતાં પંથનાં ગીતોનો ગુંજારવ કદી-ક્યાંય ઓસરવાનો નથી.

હિમતભાઈ પોતાને પામવા નિરંતર-આજીવન મથતાં રહ્યા. અંદરની પિછાણ ઊણી ન રહી જાય- એની એમને સહજે ખેવના હતી. કૃતકતા કદી એમની પાસે ફરકી નહીં. પોતાને ફાવ્યું એમ જ જીવ્યા. ઘણાં સ્વજન-મિત્રો એમની પહેરવેશની જ નહીં, સમગ્ર વ્યક્તિત્વની લઘરવઘરતાથી અકળાતાં, પણ આ ભાઈ સાહેબ તો એમના મનના રાજ્જા ! આમ હોવાનો ખુલાસો પણ આ રહ્યો -

આથમવું હોય તો છો આથમી રે જાવ,
મારાં ઊછીનાં લીધેલાં રૂપ !
ચહેરો ધોવાઈ જાય, ચહેરો પરખાઈ જાય,
એવો હો બળબળતો ધૂપ !

આસપાસનાં જ નહીં, સૌ કોઈ માણસ, કોઈ પણ સ્થિતિ-પરિસ્થિતિમાં એનું આગવું મુદ્દલ કદી ગુમાવે નહીં એની ચિંતા-ફિકર આ ફકીરી માણસે સદા સેવી હતી. વળી, કાંઈ હળદરના ગાંઠિયે ગાંધી ન થઈ જાય - એવી કાવ્ય ચેતવણી પણ એમણે સેવી હતી –

લીટી-બે લીટી કંઈ બોલ્યા ના બોલ્યા
કે ચાળો મહાનતાનો ઊપડે !

આવી આગાહી કરીને કવિ અટકી નથી ગયા, આવી વૃત્તિથી બચીને માણસે મૂળે શું કરવાનું છે- એ વાત પણ એમણે સાદીસીધી રીતે કહી છે -

માથાં ફાટે તો ભલે ફાટે,
ને ઉઝરડે-ઉઝરડે લોહીઝાણ થા ;
તરસ્યા કો' કંઠે કેવો બાઝે છે શોષ,
જરા જાણવા તું તપતે રણ જા,
ઝંઝા કે ઝાંઝવાં કે હોય મહાકંપ
નીકળ ખડિયામાં ખાંપણને બાંધી !

સામાન્ય સમજ અને છાપ એવી છે કે સામ્યવાદીઓને પ્રેમભાવ સાથે લગભગ આડવેર હોય છે. ચાહવાનું નહીં જ એમ નહીં પણ ચાહો તો એક સાથે, એક-સરખું બહોળા જનસમૂહને ચાહો, કોઈ એકાદ વ્યક્તિ-વિશેષને નહીં ! પણ ખાટસૂરિયા તો કવિ પણ છે અને કવિ પ્રેમાળ ન હોય તો બીજું શું હોય ? આ વાતની નાજુક-નમણી સચ્ચાઈ આ ગીત ધરાવે છે -

મારે અંબોડે ગૂંથ એક ફૂલ વાલમ ! તો હું મરકું-મરકું,
તારાં ટેરવાં અડે ને થઉં ડૂલ, સપનાં લોકે સરકું-સરકું.

કવિએ માગણી તો મૂકી છે પણ એ કેવી રળિયાત છે ? પ્રિયજનને કહ્યું છે - 'મારા અંબોડે ગૂંથ ફૂલ' અને પછી ? તો કહે, 'મારા અંતરમાં આવીને ઝૂલ!'. કોઈની આ કામના સંતોષાય પછી તો લીલાલહેર જ હોય ને ? તારા સ્પર્શે થઈ જાઉં હું ફૂલ અને હું પ્રીત તારી પરખું-પરખું, તારું વેણ અને આયખું કબૂલ -મરતાં મરતાંય હું તો હરખું-હરખું !
પ્રેમઘેલી કાવ્યનાયિકાએ તો એની વાત, અપેક્ષા, આશાભરી કહી દીધી. પણ સામે પડછંદો પણ પડ્યો છે મે'રબાન !

વાંચતાં જો આવડે રે એક મને અકશર,
તો તને આખીએ આખી દઉં વાંચી.
પગલાંની ધૂળ તારી પંથે પરખાય,
એની રજ-રજ પર રંગે રહું રાચી !

કાવ્યનાયકે જરા અઘરી વાત તો કહી જ છે, પણ પોતાના વિશે કશો એવોતેવો ભ્રમ-ખામખયાલ-નથી જ નથી ! પોતે શું છે અને શું નથી - એની પાક્કી પૂરી જાણ એને છે-

અમ્મે અભણ અને બરછટ છૈં લોક,
મોટી મોટી વાતુંમાં શું જાણીએ ?
આંખ્યુંને પરોવી આંખ્યુંની આરપાર,
મોલાતું મન ભરી માણીએ.
અમને ઉકેલવાને ગમતાં આકાશ અને ગમતી ઉકેલવાની રાત્યું,
રંગોળી રોજ-રોજ સાંજને સવાર જીવે, એની અંકાય સદા ભાત્યું,
પરસન એ થાય જરી પળ-બેપળ એ સારું, શંકર રોજ રહું જાચી

આ પ્રેમગીતની પછીતે જ જાણે આલેખાઈ છે- એકવીસ વરસ પૂરાં કરનારી કોઈ યુવતીની વસંત ખીલે તે પહેલાં જ આવી પોગેલી પાનખર ! એ રચનાએ મને દઝાડ્યો હતો ને છતાં એ તમને વાચનવગી કરાવવા ચાહું છું -

હા, હું હવે એકવીસની થઈ,
તમે વસંતની વાત કરો છો નહીં ?

પણ કોણ જાણે કેમ
વસંત આવતાં પહેલાં જ
અહીં પાનખર ઠરી ગઈ છે.
....
મારા ગાલ પર લાલ ગુલાબની
ઝાકળભીની પાંદડીની કુમાશ
અને લહેરખડીઓ નથી ઊઠતી, કાં ?
અને મારા કપાળે
પરાણે પકવેલા-ગળતા
વાસી કેળાની કરચલીઓ દેખાય છે, કાં ?
કપાળે લાલ મઝાના ચાંદલાની
જગ્યાએ દેખાય છે સાણસીના
મારનો ડાઘ,
ડઘાઈ જાઓ છો, કાં ?
હું હવે એકવીસની થઈ છું
અને આ ઠેરઠેરથી ચિરાયેલો
ચણિયો શેની ચાડી ખાય છે ?
મારા ગર્ભાશયની ભીની-ભીની
માસુમ દીવાલોને
બનાવટી દવાઓએ, હરામી દાક્તરોએ
આડેધડ વેતરીને-સેડવીને
બગાડી નાખી છે.
અને મને નીચોવી નાખી છે,
ઉપરાઉપરીની કારમી કસુવાવડોની
પ્રાણઘાતી પીડાઓએ.
હજુ થોડો જાન છે
મારું કપાળનું સિંદૂર
અને મારી પિંડીનો રંગ
હજુ સાવ નથી ઝાંખા પડ્યા.
મારા પર થયેલા બળાત્કારોએ
મનમાં પાડેલી તિરાડ એવી ઊંડી છે
કે મુલાયમમાં મુલાયમ મલમ પણ
મારા આ મનના ઘા નહીં રુઝવી શકે !
....
પણ મેં વસંતની આરાધના છોડી નથી
હું તો ચિરકુમારી છું
અને આ કાતિલ કાળી ડેબાણ
રાત પછી
લહેરાશે ઉષાની લાલીનો રંગ.
જિંદગીના છલક છલક થતા



સરવરની લહરોમાં પ્રગટતી
પરોઢની એ લાલી
મારી આંખોની આજુબાજુ સાબૂત થયેલ

શ્યામ દીવાલોને તોડી પાડશે
અને મારા કરમાઈ ગયેલા
કપાળ પર ઊગતા સૂરજ જેવો
લાલઘૂમ ચાંદલો
બધાય ડાઘ સાફ કરી શોભી ઊઠશે.
અને હવાની બહાર આવી
મારા હૈયાને એમ કહે છે
જિંદગીની કડવાશ અને ઝેર પછી પણ
મારા ગર્ભાશયની ભીની ભીની માસુમ
દીવાલ ચોમાસાના પહેલા વરસાદ પછી
ડુંગરા પર જામતી લીલી વનરાજિની
જેવી તાજી થઈ જશે.
અને મારી છાતીએ ઊભરાતાં અમીની
ધારે ધારે ધિંગી જિંદગીનાં જતન હું કરીશ.
હું હવે એકવીસની થઈ છું.
હા, હું હવે જીવનની નવી દિવાળીના
દિવસની રાહ જોતી અહીં ઉંબરે
ઊભી છું.
રાહ જોઉં છું.
ઢોલ ધડુકવાની રાહ જોઉં છું,
હા, હું હવે એકવીસની થઈ છું.

હિમતભાઈ સર્વાશ્લેષી માણસ હતા- એમની પ્રતીતિ એમની કાવ્યસૃષ્ટિમાં અહીં-તહીં-સઘળે સાંપડે છે. નહેરુપુત્રી 'પ્રિયદર્શિની'ને એમણે લખેલો કાવ્યપત્ર, કવિરૂપે એમની અદના માણસ માટેની ચિંતા-ફિકરને પ્રગટ કરે છે:

તમને લખું કે ન લખું?
મનમાં મોટી મૂંઝવણ છે મને
અંદરથી ભાંગેલા પાકિસ્તાન સાથેની
લડાઈમાં મળેલા વિજયથી
બધાં આ જ કોઈક કેફમાં છે
ત્યારે તમને એવું લખાય કે
આજે મારે મારી ઘરવાળી સાથે
પૈસા માટે ઝઘડો થયો હતો.
....



પ્રિયદર્શિની,
તમને આવું બધું કંઈ લખાય ?
બધાંની સાથે હું પણ સૂધબૂધ
ભૂલીને હવે તો તમારાં જ ગીત ગાઈશ.

બધાંની માફક સત-અસત છોડીને
હું ય હવે તમારે ડગલે ડગલે
ફૂલ વેરીશ
પ્રિયદર્શિની !

બીજું કંઈ લખવાનું નથી
આટલું જ - બસ, આટલું જ.

મૃત્યુ એ મનુષ્યની અફર નિયતિ છે. આ મૃત્યુ-ઘટનાને આપણે સૌ લોકોએ ફુગ્ગાની જેમ ફુલાવીને કેવી તો વરવી કરી દીધી છે એનું એક કાવ્યચિત્ર હિંમતભાઈની કલમે સરજાયું છે. મૃત વ્યક્તિની ચતુરંગી તસવીર અને આડકોલમની હેડલાઈન સાથે થતી, એમની વિદાયની જાહેરાત નગરના સૌથી મોટા ચોકમાં સાંજના સમયે ટ્રાફિક જામ કરી દેતી , નગરના અગ્રિમ નાગરિકોએ યોજેલી ભવ્ય શોકસભા- આવાં-આવાં કંઈક કૃતક વિધિવિધાનો પોતાના અવસાન પછી કોઈ ન યોજે તો કશો વસવસો નહીં થાય. અહીં કવિના મૃત્યુની જાણ થતાં પોતે જે શાળામાં શિક્ષક છે ત્યાં અનાધ્યયનનું એલાન નહીં અપય તોય ઓછું નહીં આવે પણ કવિ અંતે કબૂલે છે:

પણ હું મરી જાઉં ત્યારે
જમાનાએ જેમની જિંદગીમાં
ઝેર જ ભર્યાં છે એવાં બે-ચાર અજાણ્યા માણસો
મારા માટે એકાદ આંસુ ટપકાવશે
તો બસ-બસ થઈ જશે.

અલબત્ત, કાવ્યાંતે વ્યક્ત થયેલી નાની -શી આ કામનાથી પણ કવિ મુક્ત થવા માગતા હતા એ વાતને ટેકો કરનારા સ્વજન મિત્રો આજે પણ સૌરાષ્ટ્રમાં મળી આવશે.

'તીરે ઊભાં જુએ તમાશો'- એ પદપંક્તિની યાદ અપાવે એવી રચના પણ હિંમતભાઈ પાસેથી સાંપડી છે. આમ પણ આપણને સૌને તટસ્થ રહેવું-નિરપેક્ષ થવું બહુ ગમે છે. એમ થવાથી પેલી લાંબી ચાલનારી લપ્પનછપ્પનથી વેગળા રહેવાનું સાનુકૂળ સુખ પણ પમાય છે. પણ કવિને આ વ્યાપક અને સૌને જચતી-ગમતી તટસ્થતા-નિષ્ક્રિયતા પરહરીને અઘટિત મુદ્દા-બાબતે તેના વિરોધ માટે સ્ટેન્ડ લેવા/તરફેણ કરવા આહ્વાન આપે છે –

ઊભા રહો તટસ્થતાને તીરે
વહેણના રંગઢંગની ચર્ચા કરતાં
મહાનુભાવો તરીકે ઓળખાતાં આપણે સૌ
ચાલો! હવે વહેણમાં ઊતરીએ.
પાણી તો ડોળાં, ઊંડા, વેગીલાં
રહેવાનાં જ, રહેવાનાં જ.
એનું જ નામ તો છે વહેણ.
તમારે
દોસ્તી જોઈએ છે કિનારાની ?
તો કરો પણ તો પછી
વાતો કરવી રહેવા દો વહેણની,

માણસ તરીકે માણસમાં રસ અને શ્ર દ્ધા ધરાવતા આ કવિએ મનુષ્યત્વની આકરી પણ ઉમદા કસોટી કરવા ખપ લાગે એવા શેર-ગઝલ પણ રચેલાં છે- એક દૃષ્ટાંત જોઈએ-

કબ્રસ્તાનોની હોય કતારો છો ચોગમ,
એ કબર નીચેથી ધબકે એવો માણસ છો ?

હા, આ કવિપ્રશ્નનો જ જાણે ઉત્તર હોય એવો પણ એક શેર યાદ આવે છે અત્યારે-

હવે જે જન્મ નવો થાશે- કસમ એની કહું,
છું મોંસૂઝણું, અનંત રાતનો હું પહોર નથી.

હિંમતભાઈના કવિ-વ્યક્તિત્વના આલોકમાં એમની સાથેની સાવ અંગત રહેલી સાંભરણ પણ અત્યારે કલમને કાંઠે આવીને બેસી ગઈ છે..........

ત્યારે આ લખનાર ભાવનગરના આંબાવાડી વિસ્તારમાં એકલો રહોતો હતો અને નગરપાલિકામાં નોકરી કરતો હતો. આ વસવાટ દરમ્યાન શનિ-રવિની રજાઓ બહુધા સણોસરા ગામ અને લોકભારતીમાં ગાળતો હતો.

એક શુક્રવાર-સાંજે વડીલ મિત્ર હરિભાઈએ પૂછ્યું: 'કાલે સણોસરા જવાનો ને?'

'હા સ્તો !'

'તો એમ કર, તારા ઘરની ચાવી મને દેતો જા.'

મેં ડુપ્લિકેટ ચાવી એમને આપી. લેતાં લેતાં એમણે પૂછ્યું: ચાવી, એમનામ કંઈ કારણ પૂછ્યા વિના દઈ દેવી છે?'

'એની જરૂર ક્યાં હતી-આ તમે સામે ચાલીને ન પૂછ્યું'

'ખરો છો તું તો...પણ જો , આપણા કવિમિત્ર ખાટસૂરિયાને બે -ચાર દિવસ ભૂગર્ભવાસ કરવાની નોબત આવી છે , તું રવિવારે રાતે નહીં પણ મંગળવારે રાતે આવજે, બરાબર ?'

'ઓકે.'

અને ચાર દિવસ પછીની સવારે ઊર્મિલાબહેને આભારમુદ્રામાં ઘરનું બારણું થપથપાવ્યું. હું નોકરીએ જવા તૈયાર હતો. અંદર આવવા કહ્યું પણ એમણે એમના ઉષ્માભર્યા હાથ વચ્ચે મારા હાથ લઈ દબાવ્યા, પસવાર્યા અને લગભગ વિસ્મરતાં કહ્યું: 'ફરીવાર આવી જરૂર પડે તો....

O કવિ હિંમત ખાટસૂરિયા - મારા બાપુજી

નિખિલ ખાટસૂરિયા



હિંમત ખાટસૂરિયાને, એક કવિને, એક કર્મશિલ- એક કોમરેડને, મારા પિતાશ્રીને એક વ્યક્તિ તરીકે ખૂબ નજીકથી જોયા છે, તેમની કેટલીક વાતો તમારી સાથે કરૂં છું બે-ત્રણ પ્રસંગો યાદ આવે છે.

હું સાતમા ધોરણની પરીક્ષામાં સામાન્ય માર્ક્સ સાથે પાસ થયો. ભાવનગરની તે વખતની સહુથી સારી હાઈસ્કૂલ એટલે દક્ષિણામૂર્તિ શાળા. તેમાં પ્રવેશ મેળવવા જેવા મારા માર્ક્સ નહીં છતાં પ્રવેશ મેળવવાની વિધિ કરવા ગયો. હેડમાસ્ટર દીપક મહેતા મારા બાપુજીના મિત્ર. મારુ નામ તો લિસ્ટમાં છેલ્લે ઊમેરવા તૈયાર થયા પણ કહ્યું હિંમતભાઈને કહેજે સાંજે મને ફોન કરે. સાંજે બાપુજીને વાત કરી. બાપુજીએ કહી દીધું – "હું ફોન નહીં કરૂં. તારી પાત્રતા ના હોય તો તે શાળામાં લાગવગથી પ્રવેશ ના લેવો. બીજી શાળા શોધીલે " પોતે શિક્ષણના માણસ. જીવનભર જરૂરતમંદ વિદ્યાર્થીઓને મદાદરૂપ થયા. શિક્ષણમાંથી અર્થોપાર્જન કરવાનો ક્યારેય હેતુ નહીં.

અમે વર્ષો સુધી ભાડાના જ મકાનમાં રહ્યા. મહામહેનતે હાઉસિંગ બોર્ડના મકાનનું એલોટમેંટ પ્રપ્ત થયેલું. ત્યાં રહેવા જવાના જ હતા તે દરમ્યાન બાપુજીના કેટલાક કર્મશીલ મિત્રો તેમને પરપ્રાંતથી મળવા આવ્ય. તેમને પ્રવૃત્તિ કરવા મકાનની જરૂરત હતી. બાપુજીએ એક પળ વિચાર્યા વગર પેલું મહામહેનતે પ્રાપ્ત થયેલું અને મરણ મૂડી સમું હાઉસિંગ બોર્ડવાળું મકાન આપી દીધું. આ દિવસોમાં મારી નાની ઉમ્મર. તેમની આ પ્રવૃતિથી થોડો દુ:ખી થયો પણ તમણે સમય જતાં શીખવી દીધું ;" આપણા માટે તો સહુ જીવે. બીજા માટે જીવવું એ સાચું જીવવું છે." તેઓ જેવું વિચારતા તેવું જ જીવતા. રૂઢીઓ સામેનો બંડ એ તેમના રક્તમાં વણાઈ ગયેલું જીવનસત્ય હતું. મારાં બા સાથે તેમનાં લગ્ન થયાં તે બિલકુલ સાદાઈ થી. ઇસ્ત્રિ કર્યા વગરના રોજિંદા કપડાં પહરીને સામાન્ય વિધિથી કોઈપણ ધામધૂમ વગર તેમણે લગ્ન કર્યા અને સહુ મિત્રો અને સગાંવહાલાંને એક એક પોસ્ટકાર્ડ લખ્યું. – અમારાં બન્નેનાં લગ્ન થઈ ગયાં છે. તમેં જ્યાં હો ત્યાંથી અમને આશીર્વાદ પાઠવી દેશો જી..

ઘરમાં મારા બાપુજી એક મિત્રની માફક અમારી સાથે વર્તતા. અમને અમારા વિચારો વ્યક્ત કરવાની પૂરી સ્વતંત્રતા હતી. એક સાચ્ચા કર્મશીલ – કોમરેડ..જેમના 'સમાજ પહેલા, ઘર પછી' ના જીવન સૂત્રને અમે સહુએ હસતાં હસતાં સ્વીકારી લીધેલું અને તેમણે પણ પોતાના સંઘર્ષમય જીવન દરમ્યાન અમને સુખ આપવાના બધાં જ નિષ્ઠાવાન પ્રયત્નો કર્યા.

o સ્વેચ્છાએ સ્વીકારેલો ધૂળિયો મારગ.... યોગેશ વૈદ્ય



કવિ હિંમત ખાટસૂરિયાના કવિકર્મની વિગતે વાત કરીએ તે પહેલાં તેમનો પોતાનો કવિતા પ્રત્યેનો અભિગમ તેમના જ શબ્દોમાં સાંભળીએ. તેમની આ કેફિયત તેમનાં કાવ્યોને જાણવા, માણવા અને નાણવામાં મહત્વની દિશાસૂચક બની શકે છે. તેમના કાવ્યસંગ્રહ 'રક્તકણ'ની પ્રસ્તાવનામાં તેઓ કહે છે :

" 'રક્તકણ'ની આ કવિતાઓ એક સીધા રાજકીય સંઘર્ષની - ધનસત્તાના રાજકીય દાસત્વની- લક્ષ્યહીન યૌવનની- વિદ્રોહી - વિપ્લવ ચિનગારીઓને ગૂંથતી કવિતાઓ છે. આ કવિતાનો ધર્મ-એના શબ્દો- એના પ્રતીકો- એનો પેશ થયાનો ઢંગ તમને સામાન્ય કવિતાથી ક્યાંક જુદો પડતો દેખાય એવું બને ય ખરું ! કેટલાક કવિતા-પારખુઓને આમાં ભૂલેચૂકેય ક્યાંક કવિતા નહિ દેખાય તો કોઈ કવિતા મીમાંસકોને આમાં માત્ર પ્રચારલક્ષી જોસ્સો જ દેખાશે. એમની વાતમાં ક્યાંક થોડી સચ્ચાઈ છે. કવિતાના શિલ્પમાં મારું ટાંકણું કદાચ બરછટ રીતે જ ચાલે છે. આમે હું એક આડેધડ ગીત ગાનારો અદનો આદમી છું અને એટલે મારી કવિતાની કટારે જે નિશાનો લીધાં છે એમાં સફાઈદાર મીનાકારી ન દાખવાઈ હોય તો એ માફ ગણાશે એવી આશા. આ કવિતા ભારતના ફૂટુંફૂટું થતા ઈન્કલાબની આરાધના કરતી શબ્દકથાનો એક નાનકડો ભાગ છે. સ્વરાજ્ય પછીના ભારતીય રાજકારણ- સામયિક સંઘર્ષોની એક છબી- 'રક્તકણ' છે. 'રકતકણ'ની કવિતામાં કૃષ્ણ ને રાધા નથી ને નથી એમાં લીલાછમ ખેતરની મન મહેકાવતી ગંધ. ત્યાં છલકાતો નથી કેસૂડાનો મનભર રંગ કે નથી લહેરાતું એમાં ફાટફાટ યૌવનનું મદમસ્ત ચિત્રણ. આ બધું નથી એ કબૂલ છે. આ બધું ગમે એય કબૂલ છે. પણ એવી કવિતાઓને માણનારો હું આ જ કોણ જાણે કેમ મારી કવિતામાં કંઈક જુદી વાત ઘૂંટી બેસું છું.

મને ખબર નથી, ગુજરાતી કવિતાના શિષ્ટ પ્રવાહને ઝીલનારા લોકો સાથે મારો કોઈ મેળ છે કે નહિ; પણ મને એમ લાગે છે કે આ યુગના સર્જકોનો કહેવાનો ઢંગ ક્યાંક ને ક્યાંક ચીલાઓ તોડનર રહેવાનો. હું જબ્બર ચીલાતોડું બની શકું- મારી કવિતામાં- મારા શબ્દમાં એ બળ હોય એવી ઝંખના પણ ક્યાંક ને ક્યાંક ચીલામાં હું ય ફસાઈ જતો હોઈશ કદાચ આવી કવિતાઓ વાંચવાની ટેવ પણ કદાચ તમને નહિ હોય. તોય વાંચજો. જે મૂંઝવતું જીવન આપણને ઓક્ટોપસ જેમ વીંટળાંયેલું છે -છોડતું નથી- એના પંજાઓને ઉખેડવાનો એક પ્રયાસ છે આ. તમે આવી કવિતા વાંચશો તો પેલા અષ્ટપાદના ભરડાને ઉખેડવામાં કોઈ મિત્ર મળ્યાનો આનંદ થશે."

હકીકતે આ એક જનવાદી કવિની સચ્ચાઈભરી કેફિયત છે. જાણે કવિતા એ (તેના તાત્વિક અર્થમાં) તેમના માટે કોઈ સાધ્ય નહીં પણ એક સાધન હતી, એક હથિયાર હતી. (તેમના એક ગીતનું મુખડું છે : ગીત એક હથિયાર, અમારા ગીત એક હથિયાર) પોતાના ક્રાંતિવિચારોને એક વિશાળ જનસમૂહ સુધી પહોંચાડવા માટે કાવ્યોની(ગીતોની) લયાત્મકતાને ખપમાં લેવી તે તેમનો મહદંશે ઉદ્દેશ જણાઈ રહ્યો છે. હકીકતે કોઈ કૃતિને મૂલવવા તેના સર્જકનો જે કે તે સર્જન કરવા પાછળનો ઉદ્દેશ , સર્જન પ્રત્યેનો તેનો અભિગમ જાણવો જ પ્રથમ અને મહત્વનું સાધન છે અને તો આ જનવાદી કવિની કવિતા છે આથી તેને મૂલવવા આટલી સ્પષ્ટતા જરૂરી લાગે છે. જોકે અહીં એવું જરા પણ નથી કહેવાનું કે સાચી કવિતા સિધ્ધ કરવાનો કસબ (તેના સૌન્દર્યમૂલક પરિમાણ બાબતે) તેમની પાસે ન હતો. ઊલટું, કવિએ તેમની પોતીકી અને પાક્કી કાવ્યસૂઝની પ્રતીતિ તેમનાં કાવ્યોમાં આપી જ છે.(આ સામયિકમાં પ્રસ્તુત તેમનાં કાવ્યો પણ તેની સજ્જડ સાહેદી પૂરે છે.)

એક ભાવક બનીને તેમના કાવ્યસંગ્રહોમાંથી પસાર થતાં મને જ્યાં જ્યાં સુખદ વિસામા સાંપડ્યા તેનો આલેખ આપ વચ્ચે મૂકવાનો અહીં પ્રયાસ કરી રહ્યો છું. ગીત આ કવિને સહજ હતાં અને તેમણે સ્વીકારેલ આયામ માટે વધુ અસરકારક પણ હતાં.

પ્રથમ તેમનાં ગીતોની વાત કરી એ.

ચોપાસ પડઘાઈ રહેલા અધૂકડા અને રૂપકડા શબ્દ-શણગારોની આ ઊપરથી સુંવાળી પણ ભીતરથી જરઠ બની ગયેલી કાંચળીને કેવી સલુકાઈથી આ ગીત દ્વારા કવિ તોડી પાડે છે તે જુઓ..

વીરા મારા પંચ રે સિંધુને સ્મશાન
રોપાણા ત્રણ રૂખડા હોજી
વીરા એના પોથીમાં રૂડેરાં રહેતાં ગાન
અમે તો સૌ અધૂકડાં હોજી



અમે અધૂકડા અમે રૂપકડા અમે શબ્દ-શણગાર
ઘર ભૂલ્યા છો ભૂલ્યા ઉંબર અહીં કેવા અંગાર
પંચ સિંધુની વાત હોય તો છો ઇતિહાસે રહેતી
ભગતસિંહની વાત કહેતી હોય ભલે તો કહેતી
અહીં અમારે લીસ્સા લીસ્સા શબ્દોની છે પ્રીત
હવા ગુલાબી મોજ મધુરી સેજ સુંવાળી નિત.

અહીં કવિએ, *અમે તો સૌ અધુકડાં હોજી* – કહ્યા પછી કહેલી ગીત પંક્તિ : *ઘર ભૂલ્યા છો ભૂલ્યા ઉંબર અહીં કેવા અંગાર.* ચિનગારી પ્રગટાવવાનો આ કેવો કાવ્યાત્મક પ્રયાસ છે ! વળી અન્ય એક ગીતમાં આ અધૂકડાઓનો ઉધડો જ લેતા તેઓ કહે છે :

હળદળને ગાંઠીએ તું ગાંધી ના થા
ને રાખ તારે મૂઠીને બાંધી

મેદાનો માગે છે કાળજાના કોલ
તું તો થીંગડથાગડ સાંધે રાચતો
શિખાશે ખાબકવું મૂકી હિસાબ
કદી જોયો છે દાવાનળ નાચતો
તળિયા દાઝે તો ભલે દાઝે તું આવી જા
માણી જો ઊઠતી આ આંધી

એક અન્ય ગીતની સુંદર માંડણી કરતાં તેઓ કહે છે

અમે પાદરના છૈ જીવતા પાળિયા
તમે ખોટે રે ઠામ જીવ ઢાળિયા

અમને ચઢાવવાનું છોડો સિંદૂર
અને મૂકો અંધાર મહીં વહેતા
જીવતરની ઝંખનામાં ઝૂઝે જે શૂર
એની સંગાથે શીખો જરી રહેતાં
અંધારા પૂજ્યે ના આવે અજવાસ
અમે તૂટ્યાં ખંડેર તણાં જાળિયાં

જાણે સ્વજનોને કહે છે : *તમે ખોટે રે ઠામ જીવ ઢાળિયા* ....કવિની મુક્તિઝંખના જુઓ... કહે છે : *અમને ચઢાવવાનું છોડો સિંદૂર, અને મૂકો અંધાર મહીં વહેતા.* અને પછી ઉમેરે છે : *અંધારા પૂજ્યે ના આવે અજવાસ, અમે તૂટ્યાં ખંડેર તણાં જાળિયાં.*

કવિતા દ્વારા તે કંઈ ક્રાંતિ થઈ શકે ? કવિ કહે છે તે શાંભળો :

વાણીનાં વરદાનો ઝંખતા રે જુગ વીત્યા
હવે વર્તનનાં વરદાનો જોઈએ
તાણા ને વાણા આ જિંદગીના પારખીને
જીવનારાં જયગાનો જોઈએ

જીવાતા જીવનમાંથી જ ઊભાં થયેલાં જયગાનોની અભીપ્સા તેમને હંમેશા રહી હતી.
તેમના આ ગીતમાં ભાવની અને લયહિલ્લોળની કલાત્મક ગૂંથણી જુઓ. અહીં ભાવપલટા સાથે સાથે થતા લયપલટાને નોંધશો.....

નાવ ના નાંગરવું આ ઠામ મારાભાઈ
પૂછશે આવીને આખું ગામ મારા ભાઈ

આજ છે એ ઘાટ જ્યાં એ હસતી'તી ઝૂમતી'તી
ન્હાતી'તી દોડતી'તી ફાવે એમ ઘૂમતી'તી
આંખો રહી જાતી'તી એના પર આમનામ
ધ્રૂજતાં'તાં ચરણો ને નજર એને ચૂમતી'તી

યાદોમાં અટવાયે ગામ મારા ભાઈ !
એથી હોડીને છોડ ના આ ઠામ મારા ભાઈ!

અહીં હસતી'તી, ઝૂમતી'તી, ઘૂમતી'તીનાં આવર્તનો આસ્વાદ્ય બની રહ્યાં છે.

આવી જનવાદી કવિતાઓ લખ્યે શું વળશે? અભણ, ભૂખ્યા, ઉપેક્ષિત કંઈ તાળીઓ પાડવા, વાહ વાહ કરવા, કવિતાને પોંખવા કે પુરસ્કૃત કરવા ઓછા આવશે ?? આ સવાલ આપણા વેપારી અને નર્યા વ્યવહારુ માનસને તો આવે જ આવે. આપણને સાવ મીંઢા અને રીઢા કરી મૂકતી પેલી - મને શું અને મારું શું - વાળી, આપણા દરેક નિર્ણયના તાળા ખોલવા ખપમાં લેવાતી એકમાત્ર વ્યવહારિક ચાવીને, આ કવિ જુઓ કઈ રીતે પોતાની કવિતાના તેજાબમાં ઝબકોળી દે છે :

આ ટળવળતી ખળભળતી ભોમકાનાં ગીત લખ્યે
બંગલાઓ નહિ રે બંધાય
આ સડસડતી ભડભડતી જિંદગીને પ્રીત કીધે
વૈભવ નહિ દ્વારે ઊભરાય
તને કાં ના સમજાય? તને કાં ના સમજાય?

પાણી ના હોય ભલે ખેતરમાં
હોય ભલે બેડાંઓ ઘરઘરમાં ખાલી
ચીતર તું તેતર ને ચીતર તું પનિહારી
તારી બોલાશે બેલી બલિહારી
તારો ઠસ્સો ને ઠાઠ વખણાય તને આ ના સમજાય?

જ્યાં જીવનની કઠોર જમીની હકીકતોએ ઈશ્વર નામના સર્વશક્તિમાન, સર્વ સત્તાધીશના અસ્તિત્વને જ નકારી કાઢ્યું હોય ત્યાં સ્વર્ગની કે મોક્ષની તો કામના તો ક્યાંથી હોય ?...એક કિલો ખાંડ કદાચ એથીય વધુ દોહ્યલી બની ગઈ હોય.

રામ તમે રેશનની લાઈન મહીં ઊભા રહી
    લાવી દયો પાંચ કિલો ખાંડ
આપણાં ચરિત અને કાંડ બધા ભૂલીને
    સમજો આ ખાંડ, તેલ કાંડ

ગીતો માફક ગઝલોમાં પણ આ કવિની કલમ સુપેરે ચાલી છે. તેમના કેટલાક શે'ર માણીએ..
નગર વિશેની આ ગઝલ જુઓ...

ઠંડી સડક ને ધુમ્મસે વીંટળાતા હાથમાં
ઊંડા ઊંડા અંધારમાં અટવાયેલું નગર

ચુપચાપ જિંદગીની જિંદગી વીતી જશે
ભટકાશે સમી સાંજના ઠીવાયેલું નગર

કશા જ અવાજ કર્યા વગર જન્મતા, જીવતા અને મૃત્યુ પામતા કરોડો મનુષ્યોના નાના નાના હરખ-શોકની કોણ નોંધ લેવાનું છે?? *ચુપચાપ જિંદગીની જિંદગી વીતી જશે* . કવિ આગળ કહે છે.

નાકા વગરનો ચાનો કપ, એંઠા ઠૂંઠાનો દમ
ચીંથરે વીંટ્યું દેખાય નિચોવાયેલું નગર

અને આમ જ જીવતા કરોડો જીવોનું વજૂદ શું ? કવિ ધારદાર ને સોંસરો જવાબ આપે છે. સાંભળો...

કંઈ બોલો કે કંઈ ના બોલો હું મૌન મૂરત થઈ રહેવાનો
મતની યાદીમાં જીવતો છું પણ મરી ગયેલો માણસ છું.

આવી વાતો કરવા આકાશમાંથી ઊતરી આવેલો કોઈ દૈવી શબ્દ નહીં, ભોંમાંથી ઊભો થયેલો મટમેલો શબ્દ જ જોઈએ...

મને સમજાતું નથી કેમ શબદ તૂટી રહ્યા
જીવન માગે છે એવા કેમ એ કઠોર નથી
હવે રહી રહીને સમજવું શબદનું બળ ક્યાં રહ્યું
શબદ માટીમાં છે અવકાશની એ ઘોર નથી

કવિના એક શે'ર પર તો જરૂરથી વારી વારી જવાય...

ફૂલોની ગંધ મુબારક તમોને હો પ્રિયતમ !
અમારે રોટલી શેકાય એની વાસ ખપે !

એક જનવાદી ગઝલનો આ ઉત્તમ શે'ર છે.

કવિએ અછાંદસ કાવ્યોમાં પણ કામ કર્યું છે. આ અંકમાં તેમાનાં કેટલાંક સુંદર કાવ્યો મૂક્યાં છે.

અહીં, કવિ હિંમત ખાટસૂરિયાને તેમનાં કાવ્યો મારફત જાણવા, માણવાનો ઉપક્રમ રહ્યો. તમના વ્યક્તિત્વના વિવિધ પાસાંઓ તેમના કાવ્યોમાં સચ્ચાઈપૂર્વક ઉપસ્યાં જ છે. પરંતુ તેમની સામાજિક અને રાજકીય ગતિવિધિઓને સ્પર્શવાથી જાણી જોઈને દૂર રહ્યા છીએ.

તમારું માથું આભને સ્પર્શતું હોય તેવું તમારું કાઠું હોય તે છતાં તમે સ્વેચ્છાએ ધૂળમાં બેસીને કવિતા કરવાનું સ્વીકારો એ કોઈ નાનીસૂની બાબત નથી. તેમને વિશ્વસાહિત્યનો બહોળો અભ્યાસ હોવા છતાં અને વૈશ્વિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિની તલસ્પર્શી જાણકારી હોવા છતાં (તેમને ત્યાં ઘણાં વિદેશી સામયિકો આવતાં) તેમણે પોતાના જ્ઞાનને પ્રદર્શનની ચીજ ન્હોતી બનાવી. સામા માણસને સમજવામાં ક્યારેય તેમણે વિદ્વત્તાને આડખીલી નહોતી બનવા દીધી. એક બાળકનું કુતૂહલ તેમને સહજ સાધ્ય હતું. અને આ જ તેમના વ્યક્તિત્વની એક આગવી ખાસિયત હતી જેણે આવાં જનવાદી કાવ્યો લખાવ્યાં. પોતે દાઝેલા હોવા છતાં કઈને દઝાડવાના હેતુથી કવિતાઓ નથી લખી. અત્રે એ પણ યાદ રખવું રહ્યું કે આ કાવ્યો આધુનિકવાદની કવિતાનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો તેવા કાળખંડમા લખાયાં છે.

અલગ ચીલો ચાતરવાવાળા આ આગવા, અલગારી સડકના સાંઈને હૃદયપૂર્વક વંદન...

O સાડાત્રણ અક્ષરના ભવ્યભ્રમ પર ચોકડી (કાવ્યા સ્વાદ)

કરશનદાસ લુહાર



ખુદા હોય ના હોય કહે, શું ફેર જગતમાં પડવાનો;
માણસની ઓલાદની સાથે માણસ ક્યાં લગ લડવાનો?

નામ ધરમનું લઈને લોહી રેડ્યા કરતા શયતાનો;
માણસમાં ફેલાયા કહેશો ક્યમ ન જડે કૈં ભગવાનો?



મંદિર ને મસ્જિદ માણસને મોટે ભાગે બહેકાવે,
દાવો જુઠ્ઠો ધરમ-કરમનો માણસ જેવું ઘડવાનો.

ભલે ફૂટતાં, ભલે ફાટતાં વેરણ-છેરણ મઠ, મસ્જિદ,
માણસ થાવા બીજો ન રસ્તો સાચે પાટે ચડવાનો.

એક ચોકડો મોટો દોરો ઈશ્વર-અલ્લા અક્ષર પર;
નહિ તો રહેશે માણસ ગંધાતો ને રોજે સડવાનો.

('અભિયાન' કાવ્ય સંગ્રહમાંથી) -હિંમત ખાટસૂરિયા

ઉર્દૂ શાયર જ.મહંમદ અલ્વીની એક નાનકડી નઝમમાં: 'ઈશ્વર' શીર્ષક તળે કંઈક એવું કહેવાયુ છે :" ઘરની નકામી વસ્તુઓમાં એક નકામું ફાનસ પણ છે. ક્યારેક લાઈટ જતી રહે છે તો અમે એને શોધીને સળગાવીએ છીએ. માંડ માંડ સળગે છે ત્યાં લાઈટ આવી જાય છે. તુરત એને ફરી પાછું ઘરની નકામી વસ્તુઓમાં ફેંકી દઈએ છીએ. આ ફાનસનું પ્રતીક શાનો નિર્દેશ કરે છે, એવી સ્પષ્ટતા કરવાની કોઈ જરૂર નથી. નાસ્તિક પયગંબર નિત્શેએ " GOD IS DEAD" ઈશ્વર અવસાન પામ્યો છે. એવી જાહેરાત કરી હતી. આ વિચાર સાથે એક મુક્તક સ્મરણ-ઠેસે પડે છે :

શયતાન એ નિહાળીને થરથરી ગયો છે,
એનાથી ના બન્યુ એ માણસ કરી ગયો છે,
કાઢો નનામી એની મંદિર ને મસ્જિદેથી-
લાગે છે નક્કી ઈશ્વર-અલ્લા મરી ગયો છે.

અહીં અંતિમ પંક્તિમાં 'લાગે છે-' ની લગોલગ 'નક્કી' શબ્દ મૂકીને ઈશ્વર-અલ્લાહના હોવાના ભ્રમને એક તકલાદી ટેકે ઊભો રાખવા પ્રયત્ન થયો છે. જ્યારે નિત્શેએ તો સ્પષ્ટ કહી દીધું છે. આટલી નાનકડી પ્રસ્તાવનાની પગદંડી પર આછાં પગલાં મૂકીને સીધાં જ પહોંચવું છે હિંમત ખાટસૂરિયાની આ ગઝલ પાસે. મુસલસલ (સાતત્યપૂર્ણ)ગઝલના પ્રકારમાં બેસતી આ રચના ગઝલની જર્જરિત વિભાવનાથી સાવ જુદી ફંટાય છે.

સડકના સાંઈ ગણાતા હિંમતભાઈ માટે કવિત (કે,સાહિત્ય) એક સાધન હતું, સાધ્ય નહીં. એના દ્વારા તેઓ લોકો સુધી પહોંચીને લોકોની વેદના વ્યકત કરતા હતા. તેથી તેઓ CLASS ના નહિ MASS ના સાહિત્યકાર બની રહ્યા હતા. તથાકથિત, ધંધાદારી અને તકસાધુ સાહિત્યકારો અને એમની તાબોટાતી ટોળીઓએ હિંમતભાઈને ક્યારેય સાહિત્યકાર ગણ્યા ન હતા.પરંતુ સામાન્ય માણસોના તો એ પ્રિય સર્જક હતા. શોષિતો, વંચિતો અને દલિતોની લોહીલુહાણ પીડા એમની સાચુકલી કલમમાંથી ટપકતી રહી હતી. 'હું લારીવાળો લહેરી' નામનું તેમનું એક ગીત ભાવનગરના એક ગરીબ લારીવાળાને એટલું ગમી ગયેલું કે તેણે એક કાગળમાં મોટા અક્ષરે લખીને પોતાની લારી પર ચોંટાડ્યું હતું. ગીતની પંક્તિઓ એ ગણગણતો રહેતો. હિમતભાઈને આ વાત કોઈકે કરી ત્યારે એમને ખૂબ જ આનંદ થયો હતો. લારીવાળાઓના રાષ્ટ્રગીત સમા આ ગીતને હિમતભાઈના કંઠે સાંભળવું એ એક લહાવો હતો, જે આ લખનારે લીધો છે. હિમતભાઈના ઘણાં ગીતો લોકલડતનાં કૂચ ગીતો થવા સુધી પહોંચ્યા હતાં.

મારો ગઝલ સંગ્રહ મેં પરમમિત્ર હિંમતભાઈ ખાટસૂરિયાને અર્પણ કર્યો હતો. અર્પણપૃષ્ઠમાં મેં ઉદગાર્યું હતું :

હે, સડકના સાંઈ !
અમે ક્યારેય ના આંબી શક્યા
આપની ઉંચાઈ ! ('જળકફન" ગઝલ સંગ્રહ)

ત્યારે સચ્ચાઈમાં ઝબકોળાયેલા હિંમતભાઈના શબ્દો રણકણતા હતા રુદિયામાં-

ઊંચી રે મેડીના તમે આદમી,
અમે રે સડકુના સાંઈ ! (કાલગીત)

મને શોધવો હોય તો પ્રિયે તો શોધી લેજો,
સડકો ઉપર મળી જઈશ હું ! (અભિયાન)

પ્રતિબદ્ધ વિચારધારાને સમર્પિત એવા આ કવિએ તમામ કાવ્યપ્રકારો પર સહજ અને સરળ રીતે ખેડાણ કર્યું છે. એ સર્જનોમાં સર્જકની સચ્ચાઈ અને ભારોભાર પ્રામાણિકતા પ્રતિઘોષાય છે. દંભ, કૃતકતા કે પશ્ચિમમાંથી આયાત થયેલી ઉછીની એબસર્ડ અનૂભૂતિઓને તેમાં કોઈ સ્થાન નથી.

અસમાનતા, વિષમતા સામે સાચુકલો આક્રોશ અને જ્વાળા જેવો વિદ્રોહ તેમની કૃતિઓમાં નિરંતર ધબકતો રહ્યો છે. માણસ વચ્ચે રિબાતા માણસની પીડા છે તેમના શબ્દોમાં. હિન્દી કવિ દુષ્યંતકુમારની જેમ હિંમતભાઈને પણ ગઝલ બહુ પ્રિય હતી. " ૪૭ પછીના હિન્દુસ્તાનની વ્યથા-કથા કહેવા માટે સબળ અને સરળ માધ્યમ ગઝલ સિવાય બીજું એકેય નથી" એમ તેમણે નોંધ્યું છે. એમના ગઝલ-સંગ્રહ 'અભિયાન ' માંથી છેલ્લી અને છપ્પનમી આ ગઝલ ધ્યાનાર્હ છે.

ઈશ્વર એટલે સાડાત્રણ અક્ષરમાં સીમિત એવો એક ભવ્યભ્રમ. આ ભ્રમનો કાળો, જાડો બડીકો (ડંડો) હાથમાં લઈને માણસ કાયમ માટે માણસને ઠમઠોરતો જ રહ્યો છે. ધર્મની આડશમાં માણસ ભગવાનના ભ્રમને પોષતો માણસના લોહીની નદીઓ બે કાંઠે વહાવી શકે છે, પણ માણસનાં આંસુ લૂંછી શક્તો નથી. આ કઈ જાતની ધાર્મિકતા અને કેવું ઈશ્વરનું હોવાપણું? કવિ કહે છે : ખુદાનું હોવું ન હોવું શું કામનું ? માણસના ખૂણેખૂણા ફંફોસી જાઓ, એનામાં ક્યાંય ભગવાન દેખાય છે ? શયતાન શરમાઈ જાય એવાં કૃત્યો કરતા માણસોને મંદિર-મસ્જિદની નિર્જીવ ઈમારતો વિશેષ બહેકાવે છે. રામરથયાત્રાઓએ માણસને રાવણમાં બદલ્યો છે. ગઝલના પાંચમા શેરનો ઉલામિસરા જાણે આપણને ખૂબ મોટેથી કાનમાં કહે છે :

ભલે ફૂટતાં, ભલે ફાટતાં વેરણછેરણ મઠ-મસ્જિદ

ઢોંગી ધર્મગુરુઓ, સત્તાકાંક્ષી રાજકારણીઓ માટે ધર્મનું નામ એક ધીકતો ધંધો છે. ઈશ્વર-અલ્લાહ ક્યાંયથી પાછા ન ફરે તેવા ચલણી સિક્કા છે. એવા લોકો માટે "મજહબ ખતરે મેં હૈ" કે "હિન્દુત્વ પર હાણ" જેવી બે-બુનિયાદ, વાહિયાત વાતોનાં ઢોલ-નગારાં વગાડીને ખુરસીના ખોળા સુધી પહોંચવું સાવ આસાન છે. ભલે માણસોની લાશો સડતી-ગંધાતી રહે.

એક ચોકડો મોટો દોરો ઈશ્વર-અલ્લાહ અક્ષર પર,
નહિતો રહેશે માણસ ગંધાતો ને રોજે સડવાનો.

ઈકબાલની પંક્તિઓ "મઝહબ નહિ સિખાતા આપસમેં બૈર રખના" નું વિસ્મરણ થાય ત્યારે સાડાત્રણ અક્ષરના સડતા ભ્રમ પર ચોકડો મૂક્યા વિના છૂટકો નથી અને એમ ન હોત તો હિંમતભાઈને પોતાના એક ગીતના એક મુખડામાં આવું કહેવું ન પડત -

રામ તમે રેશનિંગની લાઈન મહીં
ઊભા રહી લાવી દ્યો પાંચ કિલો ખાંડ !
આપણાં ચરિત અને કાંડ બધાં ભૂલીને
સમજો આ ખાંડ, તેલ કાંડ !

⤼

હિંમત ખાટસૂરિયાનાં પ્રકાશનો

- ઈજન (કાવ્યસંગ્રહ)
- અભિયાન (કાવ્યસંગ્રહ)
- કપ્પે કાજી (કાવ્યસંગ્રહ)
- ચંદ્રશેખર આઝાદ (જીવનચરિત્ર)
- હિંદોસ્તાં હમારા (કાવ્ય પુસ્તિકા)
- રક્તકણ (કાવ્યસંગ્રહ)
- દિશાંતર (વાર્તાસંગ્રહ)
- ક્રાંતિ પ્રશ્ન (નિબંધ)
- ઝંઝા (કાવ્યસંગ્રહ)
- કાલગીત (કાવ્યસંગ્રહ)
- ભગતસિંહ (જીવનચરિત્ર)
- ક્ષિતિજની આરપાર (નિબંધ)



કારસ ઈયોનુતસ્

(Caras Ionut)

o આ અંકના ફોટોકલાકાર

રોમાનિયામાં જન્મેલા યુવાન ફોટોકલાકાર કારસ ઈયોનુતસ્ (Caras Ionut) પોતાના કામનું સ્વપ્ન સાથે અનુસંધાન જુએ છે, તે કહેછે " કળાની એક બહુશ્રુત વ્યાખ્યા છે –સ્વપ્ન દ્વારા કળાની મોટાભાગના લોકો સ્વપ્ન વિષે વિચારે ત્યારે તે હકારત્મક અને સુંદર જ હોય છે. મને સ્વપ્નો મારી કળામાં કંડારવાં ગમે છે. મને તે સ્વપ્નોની ધૂંધળી/અંધારી બાજુ પણ સ્પર્શવી ગમે છે. તે નાકારાત્મક નથી હોતાં. કદાચ અસ્પષ્ટ અને એકાકી હોય છે." રંગોની બાબતે રોમાનિયન આગવિયતા તેમના કામમાં સ્પષ્ટપણે જણાઈ આવે છે. યાંત્રિક કુશળતાના કળાત્મક સમન્વયે તેમનાં કામમાં ઘણાં સુખદ પરિણામો લાવ્યાં છે. તેમની ફોટોકળા અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માધ્યમોમાં સ્થાન પામી રહી છે. સુવર્ણચંદ્રકો મળ્યા છે. ફોટોશોપ પર તેમનાં પુસ્તકો પ્રગટ થયાં છે.

તેમનું કામ વેબસાઈટ http://carasdesign.com અને http://500px.com/carasionut ઉપર પણ જોવા મળે છે.

* **શ્રદ્ધાંજલિ** *

ડૉ. રમેશ મ. શુક્લ

૨૭-૧૧-૧૯૨૯ ૦૫.૦૨.૨૦૧૪



* **શ્રદ્ધાંજલિ** *

જ્યુથિકા રોય


૨૦.૦૪.૧૯૨૦   ૫.૦૨.૨૦૧૪



* **શ્રદ્ધાંજલિ** *

ડૉ. ધીરુભાઈ ઠાકર


૨૭.૬.૧૯૧૮   ૨૪.૧.૨૦૧૪



– સાહિત્યવૃત્ત –



O જાણીતા કવિ અને પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી ગુલામમોહમ્મદ શેખને તેમની ચિત્રકારી માટે અને પ્રસિદ્ધ સંશોધક, વિવેચક, સંપાદક (સ્વ.) ડૉ. ધીરુભાઈ ઠાકરને તેમની સાહિત્યિક સેવાઓ માટે ભારત સરકાર દ્વારા પદ્મભૂષણના ખિતાબો એનાયત થયા. આનંદો....



O કવિ શ્રી અશોક ચાવડાને તેમના કવિતાસંગ્રહ 'ડાળખીથી સાવ છૂટાં ' માટે સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા ગુજરાતી ભાષા માટેનો 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર ૨૦૧૩ ' જોધપુર ખાતે તા. ૫ ફેબ્રુઆરીના રોજ એનાયત થયો . આ યુવાપુરસ્કારની શ્રેણી અંતર્ગત ૨૩ વિવિધ ભાષાના યુવા સર્જકો માટે આ પુરસ્કાર જાહેર થાય છે. કવિશ્રીને અભિનંદન.



O કવિશ્રી સંજુ વાળાને શ્રી "દર્શક" સાહિત્ય સન્માન – ૨૦૧૪ અપાયું. શ્રી રતિલાલ બોરીસાગર પ્રતિષ્ઠાન વતી શ્રી મોરારી બાપુના હસ્તે સન્માન કરવામાં આ વ્યું. કવિશ્રીને અભિનંદન.

O ધબકાર-મુંબઈ દ્વારા ૫૯મી કાવ્ય ગોષ્ઠિ ગ્રાંટરોડ સ્થિત શ્રી ચેતન ફ્રેમવાલાના નિવાસસ્થાને ગઝલકાર કપિલરાય ઠક્કર 'મજનૂ'ની યાદમાં તા. ૯-૨-૨૦૧૪ના રોજ ગઝલકાર કીર્તિ વાઘેલાની અધ્યક્ષતામાં યોજાઈ.ચંદુભાઈ ફ્રેમવાલાએ પ્રાર્થનાથી શરૂઆત કરી. સંચાલકે કપિલ 'મજનૂ' સાહેબનાં જીવન અને સર્જન વિશે સૌને માહિતગાર કર્યા હતા. કપિલ સાહેબના દોહિત્ર ટિન્કુ (સંજય) મહેતાએ વિશેષ હાજરી આપી, આ ગોષ્ઠિમાં કીર્તિ વાઘેલા, દેવદાસ અમીર, આશિત હૈદરાબાદી, નવીન શેઠિઆ, શૈલ પાલનપુરી, નટવર જાજલ, પ્રકાશ દેવજી 'પ્રદેવ', સરયુબેન થાનાવાલા, માલિની બક્ષી, અશોક શાહ, અશોક મહેતા, બીનીતા પુરોહિત, જયદીપ ઝવેરી તથા ચેતન ફ્રેમવાલા સહિત કુલ ૨૩ કવિ મિત્રોએ એમની કવિતા રજૂ કરી હતી.

O શ્રી સાઈલીલા વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા આયોજિત 'ઝરૂખો' અંતર્ગત બોરીવલી, મુંબઈ ખાતે ડૉ. નરેશ વેદ નું પ્રેમાનંદનાં કાવ્યો પરનું વક્તવ્ય યોજાયું. મધ્યયુગમાં આપણને આખી આકાશગંગા જેવા સંતકવિઓ મળ્યા એનો ઉલ્લેખ કર્યો અને પ્રેમાનંદનાં ત્રણેક આખ્યાનોની ઊંડી છણાવટ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. સંજય પંડ્યાએ ભૂમિકા બાંધી ડૉ. નરેશ વેદનો પરિચય આપ્યો તથા ટ્રસ્ટી યોગેન્દ્રભાઈ તથા ચિત્તરંજનભાઈએ નરેશ વેદનું તથા વિશેષ અતિથિ વિજ્ઞાની શ્રી જે. જે. રાવલનું સ્વાગત કર્યું.

O ગુજરાતી સાહિત્ય પરિષદ –અમદાવાદ ખાતે તા. 2 ફેબ્રુઆરીના રોજ 'નવી પેઢીનો અવાજ' નામક નવ્યકવિઓનું અનોખું અને આવકાર્ય કવિસંમેલન કવિશ્રી ધીરુ પરીખની અધ્યક્ષતામાં યોજાયું. કવિગણ હતો : સર્વશ્રી મનોજ જોષી, કુલદીપ કારિયા, અનંત રાઠોડ, જિગર જોષી, નરેશ સોલંકી, સૌરભ પંડ્યા, આદિત્ય જામનગરી, કેતન કાનપરિયા તથા નીરજ મહેતાનો. અતિથિવિશેષ હતા કવિશ્રી હર્ષ બ્રહ્મભટ અને સંચાલન હતું કવિશ્રી મિલિંદ ગઢવીનું.

(આપની આસપાસ બનતી સાહિત્યિક ઘટનાઓને ઝીલવા 'નિસ્યંદન' ઉત્સુક છે.)

o આપના પ્રતિસાદ......

o નિસ્યંદન ૧૧ - પરિષદના અધિવેશનનો નિચોડ વાંચી સહેજે દુ :ખ થાય. આવું થવાનાં કારણો ઘણાં છે જેની ચર્ચા અહીં અસ્થાને છે. કાવ્યોની પસંદગી ખૂબ ગમી. કાવ્ય વિષયક નિસ્બત વરતા ઈ આવે છે. ઓફિસ કાવ્ય વિશેષાંક .... બહુ સરસ વિચાર... લખાશે તો જરૂર મોકલીશ. અભિનંદન અને શુભેચ્છાઓ. - લતા હિરાણી

o પરિષદના અધિવેશનવિષયક સંપાદકીય વાંચીને - A good recall. I would like to meet that Vinod Joshi getting down from the bus! - વિનોદ જોષી

o નવો અંક જોયો-વાંચ્યો. મુખપૃષ્ઠ સરસ છે. સમગ્ર ફોટોગ્રાફી ગમી. સ્નેહા પટેલની પ્રથમ ગઝલ સારી લાગી. તમે સંપાદકીયમાં કરેલી વાત જોઈ દુ:ખ થયું પણ આશ્ચર્ય સહેજ પણ ન થયું. સાહિત્ય કોઈ દૈવી ઘટના નથી પણ વ્યક્તિની પોતાની અનુભૂતિઓ-લાગણીઓને શબ્દો-અક્ષરોના માધ્યમથી બીજી વ્યક્તિઓ સુધી પહોચાડવાની ઘટના છે એવી સામાન્ય વાત સમજવામાં આપણી કહેવાતી સાહિત્યિક સંસ્થાઓ નિષ્ફળ ગઈ છે. એમની હાલત યુરોપના મધ્યયુગીન દેવળ જેવી છે. આવી સંસ્થાઓ પોતાના અંગત મત ઊભા કરવાની જગાએ જે કંઈ સમકાલીન છે તેનો સમગ્રપણે સ્વીકાર કરી પ્રચાર, પ્રસારનું કાર્ય કરશે તો કદાચ પોતાની થોડી ઓળખ જાળવી શકે. બાકી ગુજરાતી વાચક કોઈ સંસ્થા કે નિયમોથી બદ્ધ નથી. એ તો જે સારું હશે ત્યાં જવાનો....... - દિનેશ જાગાણી 'અલિપ્ત'

o 'નિસ્યંદન' ના અંકો નિયમિત રીતે મોકલવા બદલ ખૂબ ખૂબ આભાર. સુંદર અને આકર્ષક ચિત્રો અને ગુણવત્તાથી સજ્જ આ અંકો શરુઆતથી જ વાંચતી રહી છું. આપને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા. -દેવિકા ધ્રુવ




'ઑફિસકાવ્ય વિશેષાંક'



ગુજરાતી કવિગણને 'ઑફિસકાવ્યો' પાઠવવા 'નિસ્યંદન' ભાવભર્યું નિમંત્રણ પાઠવે છે. ઑફિસોની, વ્યાવસાયિક જીવનની ગતિ-રીતિઓને, તેના પદાર્થોને, સંદર્ભોને અને સંવેદનોને ઝીલતાં કાવ્યોનો વિશેષાંક પ્રગટ થવા જઈ રહ્યો છે. કાવ્યના વિષય બાબતે જરા નોખા અભિગમમાં આપના સહયોગની અપેક્ષા છે.

તા. ૫.૪.૨૦૧૪ પહેલાં આપનાં કાવ્યો અમને મળી જાય તે અપેક્ષિત છે - સંપાદક

આપણી સાહિત્ય ધરોહર



સુંદરજી બેટાઈ: કવિ - વિવેચક. (૧૦.૮ .૧૯૦૫   ૧૬ .૧ .૧૯૮૯)

બેટાઈ સુંદરજી ગોકળદાસ, 'દ્વૈપાયન', 'મિત્રાવરુણૌ' : જન્મ વતન જામનગર જિલ્લાના બેટ દ્વારકામાં. ૧૯૨૮માં અંગ્રેજી-ગુજરાતી વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ., ૧૯૩૨માં એલએલ.બી., ૧૯૩૬માં ગુજરાતી-સંસ્કૃત વિષયોમાં એમ.એ. પ્રારંભનાં ચારપાંચ વર્ષ 'હિંદુસ્તાન'ને 'પ્રજામિત્ર'માં સબઍડિટર, ચારપાંચ વર્ષ મુંબઈની એક સંસ્થામાં આચાર્ય, એ પછી મુંબઈની એસ. એન. ડી. ટી. વિમેન્સ કૉલેજમાં નિવૃત્તિપર્યંત ગુજરાતીના અધ્યાપક. ઇન્ડિયન પી.ઈ.એન.ના સભ્ય.નર્મદ સુવર્ણચંદ્રક વિજેતા. મુંબઈમાં અવસાન.

પચાસેક વર્ષ સુધી સતત કાવ્યસર્જન કરનારા આ ગાંધીયુગના કવિ નરસિંહરાવની કવિતાથી વિશેષ પ્રભાવિત છે, જે ખંડકાવ્યો અને કરુણપ્રશસ્તિઓની સ્વસ્થગંભીર શૈલી, જીવનનાં મંગલમય તત્વો પર આસ્થા, પ્રકૃતિ પ્રત્યેનું આકર્ષણ વગેરેમાં જોઈ શકાય છે. અલબત્ત, સૉનેટોનું વ્યાપક ખેડાણ કે નિષ્કામ કર્મવાળા જીવનનું આકર્ષણ એમની કવિતા પર ગાંધીયુગના પ્રભાવની પણ પ્રતીતિ કરાવે છે.

'જ્યોતિરેખા' (૧૯૩૪)માં પૌરાણિક અને ઐતિહાસિક પ્રસંગો પર આધારિત પાંચ ખંડકાવ્યો છે. 'ઇન્દ્રધનુ' (૧૯૩૯), 'વિશેષાંજલિ' (૧૯૫૨), 'સદગત ચંદ્રશીલાને' (૧૯૫૯), 'તુલસીદલ' (૧૯૬૧), 'વ્યંજના' (૧૯૬૯), 'અનુવ્યંજના' (૧૯૭૪), 'શિશિરે વસંત' (૧૯૭૬) અને 'શ્રાવણીની ઝરમર' (૧૯૮૨) એ એમના કાવ્યસંગ્રહોની કવિતા પરથી દેખાય છે કે અધ્યાત્મચિંતન, પ્રણય, પ્રકૃતિ અને સ્વજનમૃત્યુથી જન્મતો શોક પ્રારંભથી અંત સુધી એમની કવિતાનાં ચાલકબળ રહ્યાં છે. અલ્પપરિચિત સંસ્કૃત શબ્દોના વિશેષ ઉપયોગવાળી સંસ્કૃતાઢ્ય પ્રસ્તારી શૈલીને લીધે સૉનેટ કરતાં લાંબાં ચિંતનમનનનાં કાવ્યો વધુ સફળ નીવડ્યાં છે.

પૂર્વે પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યમાં સૉનેટ' (૧૯૩૫)ને સમાવતા વિવેચનસંગ્રહ 'સુવર્ણમેઘ' (૧૯૬૪)માં ન્હાનાલાલ, બ. ક. ઠાકોર અને મેઘાણીની કવિતાનું તટસ્થ નિરીક્ષણ કરતા સમદ્રષ્ટિવાળા ધ્યાનપાત્ર લેખો છે. 'આમોદ' (૧૯૭૮)માં 'ગુજરાતી કવિતામાં અનુષ્ટુપ' જેવા મહત્વના લેખ ઉપરાંત સંસ્કૃત અને ગુજરાતી કવિઓ અને તેમની કવિતા વિશેના લેખો છે. 'નરસિંહરાવ' (૧૯૮૦) એ નરસિંહરાવ દિવેટિયાના વાડમયપુરુષાર્થની ઝાંખી કરાવતી પુસ્તિકા છે. કવિ તથા કવિતા તરફ જોવાની સમદ્રષ્ટિ એમના વિવેચનનો લાક્ષણિક ગુણ છે.

'સાહિત્યમાધુરી', 'સાહિત્યોદ્યાન' અને 'સાહિત્યસુષમા' એ એમનાં શાળોપયોગી સંપાદનો છે.

(વિકીપીડિયામાંથી શ્રી જયંત ગાડીતનું લખાણ)